**સુવિચાર**

તમારી વર્તણુંક તમારા સંસ્કારનું પ્રતિક છે. માનવીનો સૌથી મોટો દોસ્ત વિવેક છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૧૨/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ માગસર સુદ-૪ વર્ષ : ૧૬ અંક : ૦૦૫


## ખેડૂતની ફરિયાદને લઈને યાર્ડનાં શાસકોએ વેપારીને નોટિસ પાઠવતા મામલો ગરમાયો

# સાવરકુંડલા માર્કેટયાર્ડમાં જાહેર હરરાજી બંધ રહેતા ખેડૂતોમાં રોષ

**અચાનક યાર્ડમાં હરરાજી ન કરવાનો નિર્ણય વેપારીએ કરતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા**

**ખેડૂતોની ખેત જણસો ખરીદવા વેપારીઓ તૈયાર ન થતાં સત્તાધીશોએ ખેતજણસો પરત લઈ જવાનું કીધુ**

**ખેડૂતોએ યાર્ડમાં સુત્રોચ્ચાર શરૂ કરતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી**

**અનેક સમસ્યાથી ચિંતિત ખેડૂતોને સામાન્ય બાબતને લઈને નવી ઉપાધિ આવી ચડી**







અમરેલી, તા. ૧૫

ખેડુત જગતનો તાત કહેવાય છે પણ જગતના 'તાત' ની દશા સાવ કફોડી થઈ હોય તેવી સ્થિતિ સાવરકુંડલા યાર્ડમાં સર્જાઈ છે. સાવરકુંડલા યાર્ડમાં વેપારીને નોટીસ પાઠવ્યા બાદ વેપારીઓએ સાવરકુંડલા યાર્ડમાં જાહેર હરરાજી અચોક્કસ મુદત સુધી બંધ રાખવાની જાહેરાત કરી દીધા બાદ ખેડૂતો ગત રાત્રીથી હેરાન પરેશાન થઈ રહયા છે. ત્યારે સામા પક્ષે માર્કેટ યાર્ડમાં જાહેર હરરાજી બંધ રહેતા ખેડૂતોમાં પણ વ્યાપક રોષ જોવા મળે છે. ત્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ ઘટના સ્થળે પહોંચી છે.

આ બનાવમાં જોઈએ તો સાવરકુંડલા એપીએમસીમાં ગઈકાલે એક ખેડૂત અને વેપારી વચ્ચે કોઈ બાબતે રકઝક થયા બાદ એપીએમસીમાં આ બાબતે ખેડૂતે ફરિયાદ કરતા માર્કેટ યાર્ડ દ્વારા રાધારમણ ટ્રેડિંગના વેપારીને નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેના વિરોધમાં આજે સાવરકુંડલાના વેપારીઓ દ્વારા જાહેર હરરાજી બંધ રાખવાનો નિર્ણય કરી અને ખેત જણસની ખરીદ કરવાની વેપારીઓ દ્વારા ના પાડવામાં આવેલ હતી. જેથી ગત રાતથી ખેડૂતો ખેત જણસો લઈ સાવરકુંડલા એપીએમસીમાં આવેલા હોય, 'ખેડૂતો જાયે તો જાયે કહાં' ની જેવી સ્થિતિ નિર્માણ પામી છે ને ખેડૂતો રોષિત બન્યા છે.

ખેડૂતોની ખેત જણસો ખરીદવા વેપારીઓ તૈયાર ના થતાં યાર્ડ સત્તાધીશો દ્વારા ખેડૂતોને પોતાનો માલ પરત લઈ જવાનું માઈકમાં


અનુસંધાન પાના ૬ ઉપર





## ૧૭ નવેમ્બરનાં રોજ બનેલ ઘટનાની ફરિયાદ નોંધાઈ

# બાબરા : કોટડાપીઠા ગામની સીમમાં તરૂણી ઉપર દુષ્કર્મ આચરીને નરાધમે ઝેરી પ્રવાહી પીવરાવી દીધુ

**તરૂણીનાં પિતાએ આરોપી ઠાકુર કહારૂ ડાવર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૫

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામની સીમમાં રહેતા અને મજુરી કામ કરતાં એક પરિવારની એક તરૂણવયની પુત્રીના માતા–પિતા ગઈ તા. ૧૭/૧૧/૨૩ ના રોજ ખેતરમાં જીરૂનું વાવેતર કરેલ હોય ત્યાં ખેતીકામ કરતા હોય અને આ


અનુસંધાન પાના ૬ ઉપર



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)

યોગ્ય સમયે લેવામાં આવેલ ''કડવી ચુસકી'' ઘણીવાર જીવનને ''મીઠી'' બનાવી દે છે.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166









અમરેલી એક્સપ્રેસ

૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

હરહંમેશ... સેવાકીય પ્રવૃતિઓને... પ્રોત્સાહીત કરનાર ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના

૧૫માં વર્ષના મંગલ પ્રારંભે

તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

: શુભેચ્છક :

યાકુબભાઈ રસભર્યા (એડવોકેટ)

પૂર્વ ઉપપ્રમુખ : સાવરકુંડલા વકિલ મંડળ

મુ. વિજપડી

### સ્થાનિક તંત્ર શહેરીજનોને પિડામાંથી મુકત કરાવે

# બગસરામાં એસ.ટી. સહિતનાં મોટા વાહનોની અવર–જવરથી ટ્રાફિક સમસ્યા

### ઉચ્ચકક્ષાએ રજુઆત કરવાની પણ તૈયારીઓ

બગસરા, તા. ૧૫

બગસરામાં ભર બજારમાં એસ.ટી. બસો તથા વાહનો બેફામ દોડતા થયા કલેકટરના જાહેરનામાનો ભંગ છતાં અધિકારીઓને પેટમાં પાણી પણ હલતું નથી બગસરા અમદાવાદ માર્કેટિંગ યાર્ડ વાળા રસ્તે થઈ અને અમરપરામાં થઈ ભરબજારમાં નીકળતી આ બસને કોઈ રોકવા વાળું છે કે નહીં મન ફાવે ત્યાં ચલાવે છે આવી તો અનેક રૂટની બસ બેફામ દોડતી જોવા મળે છે જે રોડ પર બસને ચાલવાનું નથી તે રોડ પર બેફામ બસ ચાલે છે અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી પરિસ્થિતિ છે કલેકટરના જાહેર નામનો ઉલાળીયો થાય છે જો આ બાબતે તાત્કાલિક


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ફેરફાર કરવામાં નહીં આવે તો મુખ્યમંત્રી ઓનલાઈન કાર્યક્રમમાં આ પ્રશ્નનો ઉલ્લેખ કરવામાં આવશે તેનો જવાબ જવાબદાર અધિકારીઓને દેવો પડશે તેમ બગસરાના જાગૃત નાગરિકો દ્વારા પ્રેસ મીડિયાને જણાવેલ છે.

### મુસાફરવર્ગની સુવિધા વધારવા માટે મહત્વનો નિર્ણય

# ભૈ વાહ : ભાવનગર–ચિતલ–જેતલસર વચ્ચે દોડતી ટ્રેનને આજથી વેરાવળ અને પોરબંદર સુધી લંબાવવામાં આવશે

### અમરેલી જિલ્લાનાં મુસાફરવર્ગને અનેક શહેરોમાં જવાની સુવિધા ઉભી થઈ

પ્રતિકાત્મક તસ્વીર





અમરેલી, તા. ૧૫

મુસાફરોની સુવિધા માટે રેલ્વે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલ્વે ભાવનગર ડિવિઝનની ટ્રેન નંબર ૦૯૫૬૮/૦૯૫૬૫ ભાવનગર–જેતલસર ટ્રેનને પોરબંદર અને ટ્રેન નંબર ૦૯૫૬૬/૦૯૫૬૭ ભાવનગર–જેતલસર ટ્રેનને વેરાવળ સુધી વિસ્તાર કરવા માટે અને ટ્રેન નંબર ૧૯૨૦૭/૧૯૨૦૮ પોરબંદર–વેરાવળ એકસપ્રેસ ટ્રેનને રાજકોટ વાયા જેતલસર ડાયવર્ટ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ તમામ ટ્રેનો ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ (શનિવાર)થી પ્રભાવિત થશે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૦૯૫૬૬ ભાવનગર–વેરાવળ દૈનિક ટ્રેન ભાવનગર ટર્મિનલ્સથી દરરોજ સવારે ૪:૪૦ કલાકે ઉપડશે અને તેજ દિવસે ૧૧:૩૦ કલાકે વેરાવળ પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૫૬૭ વેરાવળ–ભાવનગર દૈનિક ટ્રેન વેરાવળથી દરરોજ ૧૪:૪૦ કલાકે ઉપડશે અને ભાવનગર ટર્મિનસ ૨૨:૦૫ કલાકે પહોંચશે. આ ટ્રેન જેતલસર અને વેરાવળ વચ્ચે બંને દિશામાં જુનાગઢ, કેશોદ, માળીલા હાટીના અને ચોરવડા રોડ સ્ટેશનો પર ઉભી રહેશે.

ટ્રેન નંબર ૦૯૫૬૫ પોરબંદર–ભાવનગર ટ્રેન પોરબંદરથી દરરોજ સવારે ૭:૩૦ કલાકે ઉપડશે અને તેજ દિવસે બપોરે ૧૪:૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૦૯૫૬૮ ભાવનગર–પોરબંદર દૈનિક ટ્રેન ભાવનગર ટર્મિનસથી દરરોજ ૧૫:૦૦ કલાકે ઉપડશે અને તેજ દિવસે ૨૨:૧૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન જેતલસર અને પોરબંદર વચ્ચે બંને દિશામાં વાસંજાળીયા, જામ જોધપુર, પાનેલી મોટી, ભાયાવદર, ઉપલેટા અને ધોરાજી સ્ટેશને ઉભી રહેશે.

ટ્રેન નં. ૧૯૨૦૭ પોરબંદર–રાજકોટ દૈનિક એકસપ્રેસ પોરબંદરથી દરરોજ સવારે ૫:૪૫ કલાકે ઉપડશે અને સવારે ૧૦:૩૦ કલાકે રાજકોટ પહોંચશે. પરત દિશામાં ટ્રેન નંબર ૧૯૨૦૮ રાજકોટ–પોરબંદર દૈનિક એકસપ્રેસ દરરોજ રાજકોટથી ૧૬:૧૦ કલાકે ઉપડશે અને ૨૧:૨૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન પોરબંદર અને રાજકોટ વચ્ચે બંને દિશામાં રાણાવાવ, તરસઈ, વાંસજાળીયા, કાટકોલા, બાલવા, જામ જોધપુર, પાનેલી મોટી, ભાયાવદર, ઉપલેટા, સુપેડી, ધોરાજી, જેતલસર, નવાગઢ, વીરપુર, ગોંડલ અને ભક્તિનગર સ્ટેશનો પર ઉભી રહેશે.

### તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોકિંયાની માંગ

# અમરેલી : શેડૂભારનાં પાટીયા નજીક આવેલ વનકુટીરની મરામત કરો

### વન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાનાં શેડૂભાર ગામનાં પાટીએ અમરેલીથી ચીતલ મેઈન રોડથી શેડૂભાર જતાં રોડ પર ઘણા વર્ષો પહેલા ત્યાં વન કુટીર બનેલ હતી. પરંતુ વર્ષો જતાં હાલ તે ખુબજ જર્જરિત હાલતમાં હોય આ વન કુટીર મેઈન રોડ અને પાટીએ હોવાથી લોકોને વિસામો લેવા ઉપયોગમાં આવતી હોય અને છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હોવાથી લોકો આ વન કુટીરનો ઉપયોગ કરી શકતા નથી તો વહેલામાં વહેલી તકે આ વન કુટીરની મરામત સહકારની અપેક્ષા સહ કરવા તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ



પોકીયાએ વન અધિકારીને પત્ર પાઠવી રજુઆત કરેલ છે.

### ખેડૂતનાં ૧ રૂપિયાની બાકી રકમની બાબતે કેસ કરતા

# અંતે કુંકાવાવ પીજીવીસીએલનાં એક મહિલા કર્મચારીની રાજુલા ખાતે બદલી

### જો કે અધિકારીને બદલે કર્મચારી સામે કાર્યવાહીથી નારાજગી

અમરેલી, તા. ૧૫

કુંકાવાવનાં એક ખેડૂતને માત્ર ૧ રૂપિયાની બાકી રકમ માટે નોટિસ ફટકારીને તે અંગેનો કેસ પણ કોર્ટમાં કરવામાં આવતા અને આ બાબતે મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થતાં ઉચ્ચ અધિકારીઓ એક મહિલા કર્મચારીની બદલી કુંકાવાવથી રાજુલા કરતાં અન્ય કર્મચારીઓમાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, નાની કુંકાવાવ ગામનાં ખેડૂત હરેશભાઈ સોરઠીયાએ થોડા વર્ષો પહેલા લીધેલ વીજ કનેકશન રદ કરાવેલ. બાદમાં પીજીવીસીએલ દ્વારા બાકી ૧ રૂપિયાની રકમ વસુલવા નોટિસ અને કોર્ટમાં પણ કેસ કરવામાં આવ્યો અને જેનો કેસ તાજેતરમાં લોક અદાલતમાં મુકાતા આ બાબતે અહેવાલ પ્રસિધ્ધ થતાં પીજીવીસીએલ વિભાગનાં અધિકારીઓ ચોંકી ગયા હને કર્મચારી ક્રિષ્નાબેન દવેની બદલી કરવામાં આવી.

જો કે મહિલા કર્મચારીએ અધિકારીની સુચનાથી નોટિસ કે કોર્ટ સંબધી કામગીરી કરી હશે. તો તેમની સામે કાર્યવાહી નહી અને નાના કર્મચારીની બદલી કરવામાં આવતાં નાના કર્મચારીઓમાં રોષનો માહોલ છવાયો છે.

# અમરેલી રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં પાંચ આગેવાનોની નિમણૂંક











અમરેલી, તા. ૧૫

અમરેલીનાં ભાજપનાં પાંચ અગ્રણીઓ તુષાર જોષી, ભાવેશભાઈ સોઢા, સુરેશભાઈ શેખવા, રાજેશ માંગરોળીયા અને સંજયભાઈ રામાણીની વેસ્ટર્ન રેલ્વે દ્વારા રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં નિમણૂંક કરવામાં આવી છે. જેમાં અમરેલી રેલ્વે સ્ટેશનને લઈને જે કોઈ સમસ્યા હોય તેમનું નિરાકરણ માટેની કાર્યવાહી સમિતિનાં સદસ્યો ધ્વારા કરવામાં આવશે.

### જી.એચ.સી.એલ. ફાઉન્ડેશન દ્વારા

# ૧૬૨ પગડીયા માછીમાર પરિવારોને જરૂરી વ્યવસાયીક સાધન સહાયનું વિતરણ

### વજનકાંટા, આઈસબોક્ષ, ફિશીંગનેટ અપાઈ

રાજુલા, તા. ૧૫

રાજુલા જી.એચ.સી.એલ. દ્વારા પોતાની સામાજીક ઔધોગીક જવાબદારી અંતર્ગત છેલ્લા દસ વર્ષથી પોતાના કાર્ય વિસ્તારમાં વિવિધ લોક કલ્યાણકારી, ગ્રામીણ વિકાસની પ્રવૃતિઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ જવાબદારી અંતર્ગત વર્ષ ૨૦૨૨થી કંપની દ્વારા પોતાના કાર્યક્ષેત્ર એવા ચાંચ બંદર, ખેરા, ભેરાઈ, કથીવદર અને વિકટર ગામનાં અંદાજીત ૮૦૦ જેટલા પગડીયા માછીમારી સમુદાયની આજીવિકા સુધારણા અર્થે કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ મત્સ્યપાલન આજીવિકા કાર્યક્રમ અંતર્ગત કંપની દ્વારા પગડીયા માછીમારી સમુદાયનું ક્ષમતા વર્ધન થાય, તેમની આજીવિકામાં વધારો થાય, તેમના



બાળકો શૈક્ષણીક ક્ષેત્રમાં આગળ વધે અને આ સમગ્ર સમુદાયનું જીવન ધોરણ ઉચુ આવે તે માટેનાં વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજના કાર્યક્રમમાં કંપની દ્વારા પગડીયા માછીમારી પરીવારોમાંથી ૭૫ પરિવારોને વજન કાંટા, ૪૨ પરિવારોને આઈસ બોકસ અને ૪૫ પરિવારોને ફિશીંગ નેટ જેવા માછીમારી માટે જરૂરી એવા સહાયક સાધનોનું વિતરણ જી.એચ.સી.એલ. ની સી.એસ.આર ઓફીસ ખાતેથી વિતરણ કરવામાં આવ્યું હતુ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એસ.એસ.સી.ડી. વિકટર જી.એચે.સી.એલનાં ડેપ્યુટી મેનેજર રમેશભાઈ મકવાણાનાં માર્ગ દર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં કંપનીનાં જનરલ મેનેજર જોષી અને મેનેજર આરીફભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સી.એસ.આર ટીમે જહેમત ઉઠાવેલી તેમજ કાર્યક્રમનું સંચાલન રવિ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

### રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા

# અમરેલી જિલ્લામાં આવતીકાલથી ૧૮ દિવસ માટે કેન્સર ડિટેકશન કેમ્પ યોજાશે

### કેન્સર જેવા જીવલેણ રોગથી બચવા ચેકીંગ જરૂરી

અમરેલી, તા. ૧૫

રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા વિવિધ સંસ્થાઓનાં સહયોગથી અમરેલી જિલ્લામાં ૧૮ દિવસ માટે ભવ્ય ''કેન્સર ડિટેકસન કેમ્પસ'' નું આયોજન આગામી તા. ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ થી ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ સુધી કરવામાં આવી રહ્યું છે.

આ કેમ્પમાં મહિલાઓ માટે સ્તન કેન્સર તેમજ ગર્ભાશય મુખના કેન્સરની અદ્યતન સાધનો દ્વારા તપાસ કરવામાં આવશે. આ તપાસમાં ભવિષ્યમાં કેન્સર થઈ શકે એવા કણોને પકડી લેવામાં આવે છે જેથી કેન્સર થવા પહેલા જ તેની યોગ્ય સારવાર શરૂ થઈ શકે અને કેન્સર આગળ ફેલાઈ નહિ.

આ કેમ્પસનું આયોજન અમરેલી શહેર, ચિત્તલ, લાઠી, ખાંભા, સરાકડીયા, ટિમ્બિ, ધોકડવા, વેરાવળ, સુત્રાપાડા, ઉના, ભાડેર, નેસડી, દેવળા, ચાડીયા, ચલાલા, અને લાલાવદર આ




ગામોમાં કરવામાં આવ્યું છે. રોટરી કલબ અમરેલી ગીર દ્વારા જિલ્લાની મહિલાઓને આ કેમ્પમાં બોહળી સંખ્યામાં ભાગ લઈ પોતાની અને પોતાના પરિવારની આવતીકાલ સુરક્ષિત બનાવવા અનુરોધ કરવામાં આવેલ છે.

# રાજુલાના સંઘવી હાઈસ્કૂલના બાળકો દ્વારા એસ.ટી. ડેપોમાં સફાઈ ઝુંબેશ



રાજુલા, તા. ૧૫

જે.એ.સંઘવી હાઈસ્કૂલના બાળકો દ્વારા રાજુલા એસ.ટી. બસ સ્ટેન્ડમાં આજે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી સફાઈની સાથે સાથે પ્રવાસી જનતાને જાહેરમાં અપીલ કરવામાં આવેલી કે કચરો કચરાપેટીમાં નાખો કચરો ન કરો અને સફાઈમાં આપણી દરેક સંસ્થાઓ તેમજ આપણા શહેરને સ્વચ્છ અને સુંદર રાખીએ એસ. ટી. બસને સ્વચ્છ અને સુંદર રહે એવા પ્રયાસો આપણે સૌ સાથે રહીને કરીએ તેવું આ શાળાના બાળકોએ પ્રવાસીઓને જાહેર અપીલ કરેલી આજના કાર્યક્રમ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ શાળાનો સ્ટાફ તેમજ રાજુલાના એસ.ટી.ના ડેપો મેનેજર, ટ્રાફિક કંટ્રોલર તેમજ અન્ય સ્ટાફ સમગ્ર કાર્યક્રમમાં હાજર રહેલ.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે પ્લેસમેન્ટ ટીક ઈન્ફોટેક કંપની તરફથી યોજાયું

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણીક સંકુલ ખાતે એમ.એલ. કાકડીયા એમ.સી.એ. કોલેજના એસ.વાય. એમ.સી.એ.નાં સ્ટુડન્ટનું ઓફ કેમ્પસ પ્લેસમેન્ટ ટીક ઈન્ફોટેક લી. કંપની (બરોડા) તરફથી યોજવામાં આવેલ હતું. આ સંસ્થાનુ મેનેજમેન્ટ સ્ટુડન્ટના અભ્યાસ પ્રગતિમાં તો કાળજી લે છે પરંતુ આવી સારી કંપનીઓનો સંપર્ક કરી સ્ટુડન્ટ ડીગ્રી મેળવી લીધા પછી તેમને પોતાની જોબ માટે પણ આવી



કંપનીઓને બોલાવી. આવા ઓફ કેમ્પસ ઈન્ટરવ્યુ ગોઠવાની વ્યવસ્થા કરે છે. સંસ્થાનાં નિયામક મનસુખભાઈના માર્ગદર્શન નીચે અને સુચનાથી એમ.સી.એ. કોલેજના પ્રિન્સીપાલ રવિરાજભાઈ સોલંકીનાં સાનિધ્યમાં ૨૯ સ્ટુડન્ટે ભાગ લીધેલ તેમાં ૫ સ્ટુડન્ટ સિલેકટ થયેલ છે. જેમને ઈન્ટર્નશીપ પુર્ણ થયા બાદ કંપની ૨ થી ૨.૫૦ લાખ સુધીનુ વાર્ષિક પેકેજ આપશે. આ કંપની તરફથી ચિરાગ પટેલ ફાઉડર તરીકે હાજર રહેલ. તેમ વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવ્યું છે.

### હવામાન ઠંડુ, સુકુ અને આંશિક વાદળછાયું રહેશે

# હાશકારો : અમરેલી જિલ્લામાં આગામી પાંચ દિવસ વરસાદની કોઈ શકયતા નથી

### ખેડૂતો અને પશુપાલકો માટે માર્ગદર્શન જાહેર કર્યુ

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ઠંડુ, સુકું અને આંશિક વાદળછાયું રહેવાની શકયતા છે. જેમાં મહતમ તાપમાન ૩૦-૩૧ 'સે અને લઘુતમ તાપમાન ૧૫-૧૭ 'સે જેટલું રહેવાની શકયતા છે.

આવતી કાલા તા.૧૬ થી ૨૦ ડીસેમ્બર દરમિયાન અમરેલી જિલ્લામાં વરસાદની કોઈ શકયતા નથી. તા.૧૬ ડીસેમ્બરનાં રોજ સવારનાં સમયે ઘણા વિસ્તારોમાં ઝાંકળ પડવાની શકયતા છે. તેમજ મહતમ પવનની ગતિ સામાન્ય , અંદાજીત ૧૦-૨૧ કિ.મી. પ્રતિકલાક સુધીની રહેવાની શકયતા છે. જયારે પવનની દિશા ઉતર ઈશાનથી પુર્વ અગ્નિ રહેવાની શકયતા છે.

આગામી ૨૧ થી ૨૫ ડીસેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારમાં હવામાન આંશિક વાદળ છાયું અને આંશિક ભેજવાળુ રહેવાની શકયતા છે. આ દરમિયાન વરસાદની શકયતા નહીવત છે. અને મહત્તમ તાપમાન ૩૦-૩૨ 'સે અને લઘુતમ તાપમાન ૧૩-૧૬ 'સે જેટલું રહેવાની શકયતા છે. સામાન્ય કૃષિ સલાહ રવિ પાક (ઘઉં, ચણા, જીરૂ, અજમા, અને રાઈ) તેની યોગ્ય વૃદ્ધિ માટે ખેતરને નીંદણ મુકત રાખવુ, વાવણી પછી ૨૦ અને ૪૦ દિવસ પછી આંતરખેડ કરવી. આંતરખેડ બાદ જરૂર જણાય તો હાથ નિંદામણ કરવું તથા કપાસની છેલ્લી વીણી પછી ઘેટા બકરા ચરાવવા જેથી ગુલાબી ઈયળનાં નુકશાન વાળા જીંડવા અને અન્ય કચરો નાશ પામે તથા આવતા વર્ષે ઉપદ્રવ ઓછો થાય.

જયારે મરઘા ફાર્મમાં મરઘાઓનાં રક્ષણ માટે રાત્રીનાં સમયે તાપમાન જાળવવા માટે બલ્બનો ઉપયોગ કરવો રાત્રીનાં સમયે ઠંડા પવનથી રક્ષણ આપવા માટે પશુઓને ખુલ્લી જગ્યાએ બાંધવા નહી. તથા કપાસની સાંઠીમાં જમીન માટે જરૂરી ઘણા પોષક તત્વો હોય છે જે કારણસર તેને બાળવાને બદલે તેના શ્રેડર વડે નાના ટુકડા કરી જમીનમાં ભેળવી સેન્દ્રીય ખાતર તરીકે ઉપયોગ કરવો.

જીરૂનાં પાકને ઝાંકળથી બચાવવા માટે વહેલી સવારે સુતરાઉ કાપડ અથવા કંતાન વડે ઝાંકળ ખંખેરી રોગનું જોખમ મહદઅંશે ઘટાડી શકાય. તથા ઠંડા સીધા પવનથી રક્ષણ માટે પશુઓને શેડમાં બાંધવા અને કંતાન કોથળાનો ઉપયોગ કરવો તેમ જિલ્લા કૃષિ હવામાન એકમ DAMU કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા જણાવાયું છે.

# ''અમરેલી એક્સપ્રેસ''ને શુભેચ્છા પાઠવતાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા સંઘનાં સેવાભાવીઓ



અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા સંઘ દ્વારા અમરેલી જિલ્લાનું ખૂબ જ પ્રસિદ્ધ અને સત્યની સાથે ચાલનારા ન્યુઝ પેપર અમરેલી એકસપ્રેસને ૧૪ વર્ષ પૂર્ણ થયા અને ખૂબ જ સફળતાપૂર્વક ૧૫માં વર્ષમાં પ્રવેશ થયો એટલા માટે અમરેલી ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા સંઘની ટીમ દ્વારા આ પેપરના તંત્રી મનોજભાઈ રૂપારેલનું ખૂબ જ હૃદયપૂર્વક સન્માન કરવામાં આવેલું. જેમાં સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી, ઉપપ્રમુખ કિશોરભાઈ આ જગ્યા, કારોબારી સભ્ય મહેશભાઈ સોન્ડીગળા તેમજ મુકેશભાઈ મંડોરા, પંકજભાઈ મારૂ નિમેશભાઈ ગોહિલ, અભય ગેડિયા , ગોપાલભાઈ વનરા, અલ્પેશભાઈ આજગ્યા તેમજ મનોજભાઈ વનરા આ સાથે સેવા સંઘ ની ટીમ દ્વારા મનોજભાઈ રૂપારેલનું સન્માન કરવામાં આવેલું સાથે સેવા સંઘ ટીમને પણ મનોજભાઈ દ્વારા ખૂબ જ સારું પ્રોત્સાહન આપવામાં આવેલું કે જયારે જયારે સેવા સંઘને કોઈ પણ સેવા કાર્ય માટે જરૂરિયાત હોય ત્યારે અમરેલી એકસપ્રેસ ટીમ હંમેશા તત્પર રહેશે. તો આજના દિવસે અમે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવીએ છીએ.

### છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત સંસ્થાનાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે

# અમરેલી : દીપક હાઈસ્કૂલ તથા રૂપાયતન પ્રાથમિક શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સંમેલનને લઈને ઉત્સાહ

### શિક્ષણવિદ્ રવજીભાઈ કાચા, ડો. અમિત ઉપાધ્યાય સહિતનાં પરિવારજનો દ્વારા તૈયારીઓ શરૂ

અમરેલી, તા. ૧૫

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન તેની સુવર્ણ જયંતી ઉજવણી રહ્યું છે. ત્યારે છેલ્લા ૫૦ વર્ષમાં દીપક હાઈસ્કૂલ તથા રૂપાયતન પ્રાથમિક શાળાનાં પૂર્વ વિદ્યાર્થીઓ તા. ૨૪/૧૨/૨૦૨૩નાં સ્નેહમિલન સંમેલનમાં આવવા માટે થનગની રહ્યાં છે. ૧૯૯૩થી ૨૦૨૩માં એસ.એસ.સી.-એચ.એસ.સી. માં પાસ થઈ અભ્યાસ કરતા હોય, વ્યવસાયમાં પ્રવૃત્ત હોય, પોતાનો બિઝનેસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પોતપોતાનાં ગૃપમાં માહિતી આપી રહ્યાં છે. શાળાઓ તરફથી પણ પૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક થઈ રહ્યો છે.

૧૯૯૩થી આચાર્ય રવજીભાઈ કાચા તથા પ્રવિણભાઈ સેજુ, ડો. અમિતભાઈ ઉપાધ્યાય તથા ભારતીબેન ગોહિલ પણ વિદ્યાર્થીઓને આવકારવા ઉત્સાહિત છે.

દીપક હાઈસ્કૂલનાં ભૂતપૂર્વ આચાર્ય સ્વ. રમેશભાઈ જોષી તથા પ્રાથમિક શાળાનાં આચાર્ય સ્વ. ચંદ્રકાન્તભાઈ મહેતાના અંતરીક્ષ આશિષ આપણી સાથે છે.

આવા ભવ્ય સ્નેહમિલન સંમેલનમાં ભૂતકાળને વાગોળવાની તક વિદ્યાર્થીઓ કેમ જતી કરે ? જે મિત્રોનાં વોટસએપમાં ગૃપ ચાલે છે તેઓ ગૃપમાં આ માહિતી મુકે ને માતૃ સંસ્થાનાં દર્શને આવવા સંસ્થાવતી નિમંત્રણ સ્વીકારે.

તો ચાલો તૈયાર થઈ જાવ. તા. ૨૪/૧૨/૨૦૨૩નાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન સંમેલનમાં પરિવાર ઉપસ્થિત રહી માણ્યું તેનું સ્મરણ કરવું એ છે જિંદગીનું લ્હાણું લેવા જરૂરથી પધારશો એમ રવજીભાઈ કાચા , પ્રવિણભાઈ સેજુ, ડો. અમિતભાઈ ઉપાધ્યાય તથા ભારતીબેન ગોહિલ તથા સ્થાનિક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની યાદીમાં જણાવેલ છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

# ભાજપનાં રાજમાં સંસદભવન સુરક્ષિત ન હોય તો જનતા સુરક્ષિત કયાંથી હોય ?

### પુલવામાં, ચીનની સરહદે ઘુસણખોરી જેવી અનેક ઘટના બની ચુકી છે

અમરેલી, તા.૧૫

કેન્દ્રમાં છેલ્લા દસ વર્ષથી ભાજપની સરકાર છે અને જયારથી ભાજપની સરકાર આવી ત્યારથી ભારત દેશનાં નાગરિકોની કઠણાઈ બેસી ગઈ છે. આજે સમગ્ર ભારત દેશનાં નાગરિકો ભાજપનાં રાજમાં સુરક્ષિત રહયા નથી. ભાજપનાં રાજમાં પુલવામાંની અંદર આંતકવાદી હુમલો થાય અને ભારત દેશનાં ૪૪ જવાન શહીદ થઈ જાય તો મોદી સરકારની નિષ્ફળતા સાબિત કરે છે, પઠાણકોટમાં આંતકી હુમલો થાય અને જવાનો શહીદ થઈ જાય, જન્મુ કાશ્મીરમાં ૩૭૦ ની કલમ કટાવવા છતાં પણ રોજ દિવસ ઉગે અને આંતકવાદીઓ હુમલાઓ કરે જેને લીધે રોજ ભારત દેશનાં સૈનિકો શહીદ થાય છે. જે મોદી સરકારની નિષ્ફળતા સાબિત કરે છે, ચીન દેશ ભારતની જમીન ઉપર કબ્જો જમાવીને બેઠો છે છતાં પણ આ દેશનો ચોકીદાર ચીન સામે લાલ આંખ કરી શકતો નથી. પાકિસ્તાન સામે પણ ૫૬ ઈંચની છાતી વાળા નરેન્દ્રભાઈ મોદી કડક વલણ



અપનાવી શકતા નથી. ભારત દેશમાં સૌથી સુરક્ષિત જગ્યા સંસદ ભવન રહેલી છે. અને આ સંસદ ભવનની ત્રણ લેયરની સિકયુરિટી ભેદીને પાંચ થી છ યુવાનો સંસદની અંદર ઘુસી જાય અને સ્મોક બોમ્બ દ્વારા ઘુમાડો ફેલાવે જે સાબિત કરે છે કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સંસદ ભવન તથા દેશની સુરક્ષા બાબતે નિષ્ફળ રહયા છે, જો નરેન્દ્ર મોદીનાં રાજમાં લોકશાહીનું પવિત્ર મંદિર એટલે કે સંસદ ભવન જો સુરક્ષિત ન હોય તો નરેન્દ્ર મોદીનાં હાથમાં દેશ સુરક્ષિત કયાંથી હોય ? તેવો વેધક સવાલ કોંગ્રેસનાં નેતા મીનષ ભંડેરીએ કર્યો છે.

### સામાજિક એકતા જાગૃતિ મિશનનાં

# રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડ ગીર સોમનાથ જીલ્લાની મુલાકાતે

### આવતીકાલે તેઓનું આગમન થશે

ઉના, તા. ૧૫

સામાજીક એકતા જાગૃતિ મિશનના રાષ્ટ્રીય સંયોજક અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનનાં સદસ્ય એડવોકેટ કેવલસિંહ રાઠોડ આગામી તારીખ ૧૭/૧૨/૨૦૨૩ અને રવિવારના દિવસે ગીર સોમનાથ જીલ્લાની મુલાકાતે આવશે.

સામાજીક એકતા જાગૃતિ મિશન, ગીર સોમનાથ જીલ્લા સમિતિ દ્વારા કારોબારી સમિતિની બેઠકનું આયોજન ઉના મુકામે કરવામાં આવ્યું છે, જેમાં મુખ્ય મહેમાન તરીકે સંગઠનનાં રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ ખાસ ઉપસ્થિત રહેવાના છે.

સામાજીક એકતા જાગૃતિ મિશનએ સર્વ સમાજના તમામ લોકોનું રાષ્ટ્રીય સંગઠન છે, આ સંગઠન ગુજરાત સિવાય પણ દેશનાં વિવિધ રાજયોમાં કામ કરે છે, સમાજનાં કલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણનાં ઉદ્દેશ સાથે સર્વ સમાજનાં હજારો યુવાનો આ સંગઠનમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. સંગઠનનું મુખ્ય કાર્યાલય રાજધાની ગાંધીનગરમાં આવેલું છે.



સૌથી રસપ્રદ વાત એ છે કે, આ સંગઠનની શરૂઆત વર્ષ ૨૦૦૯ માં ગીર સોમનાથના ઉના તાલુકાનાં નાનકડા એવા કોબ ગામથી થઈ હતી, આજે સંગઠન દેશનાં ઘણાં બધા રાજયોમાં કાર્યરત છે, કોબ એ રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડનું મુળ વતન છે.

સામાજીક એકતા જાગૃતિ મિશનનાં ગુજરાત પ્રદેશનાં મહાસચિવ ફારૂક રફાઈ દ્વારા સર્વ સમાજનાં તમામ પદાધિકારીઓ, હોદ્દેદારો અને કાર્યકર્તાઓને ખુબ મોટી સંખ્યામાં હાજરી આપવા માટે જાહેર અપીલ કરવામાં આવી છે.


આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે

શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ - અમરેલી

ટેકનીશયન જોઈએ છે
નેટર્વકીગના જાણકાર તથા CCTV તેમજ કોમ્પ્યુટર ના જાણકાર
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-6, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી-૩૬૫૬૦૧ મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઈ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO

ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

YAMAHA
fascino 125 Fi (ફયુલ ઈન્જેકશન)
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક

BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કુટરમાં સાત સેન્સર ધરાવતું સ્કુટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ કવોલિટી સાથે
30 POWER 16 MILEAGE
» બધા જ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
BS-VI COMPLIANT
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ

સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨


એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
Go BIG Go XOOM

LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

# વાર્તા–વૈભવ

## ''માળો''

– જેસંગ જાદવ



જેસંગ જાદવ

**(ગયા અંકનું ચાલુ)**

ઋષાંક પ્રતિષ્ઠાનું દર્દ સમજતો હતો. પણ એની જેમ એ અકળામણ અનુભવાતો ન હતો. ને એમાંય જયારથી પેલું બચ્ચું આવ્યું, ત્યારથી તો એ સાવ ઘેલો બની ગયો હતો. કોલેજ થી આવીને સીધો એ બગીચામાં ભરાઈ જતો, પાણીનું પરબ અને ચણઘર તપાસતો. સવારમાં દરરોજ એ પાણીનું પરબ પાણી થી ભરી દેતો.ચોખાની કણકી અને કાંગ ચણમાં નાખતો.પેલો ચકો હવે ત્યાં જ ચણે છે ને બચ્ચું પણ. બચ્ચું હવે મોટુ થતું જાય છે.એની પાખમાં હવે નવાં નવાં પીંછાં ઉમેરાતાં જાય છે. એણે મનોમન વિચાર્યુ, હવે થોડાક દિવસમાં તો એ ઉડતું થઈ જશે.

એ દિવસે એ કોલેજથી ઘરે આવ્યો ત્યારે પૂર્વી સોફા પર બેઠી હતી. એનાં મોં પર પ્રસન્નતા કળાઈ આવતી હતી. કયારે વાત કરી લંઉ, કયારે વાત કરી લંઉ, એવી અધીરાઈ એનાં મોં પર કળાઈ આવતી હતી. એનાં એક હાથમાં મીઠાઈનું બોકસ હતું. ને બીજામાં સિલેકશન યાદીનો પત્ર. સર બેન્ક એકઝામના મેરિટમાં હું આવી ગઈ છું. મારો બીજો જ નંબર છે. બસ અઠવાડિયામાં ઓર્ડર!

ઋષાંકે પત્ર વાચ્યો. એ આનંદવિભોર બની ગયો. એની આંખમાં આશિર્વાદ ઝળકવા માંડયો.' કોન્ગ્રેચ્યુલેશન' એણે એને છાતી સરસી ચાંપી કપાળે ચુંબન કર્યુ.ને વાસેં હાથ ફેરવ્યો. મને પૂરો ભરોસો હતો કે પૂર્વીનો નંબર લાગી જ જવાનો.પણ આટલેથી અટકવાનું નથી હોં. હું તને કલાસ વન–ટુમાં જોવા ઈચ્છું છું

ઋષાંકનસ ચાનો કપ ખાલી થયો ન થયો ત્યાં પૂર્વીએ પેંડાનું બોકસ ખોલ્યું. ઋષાકને પેંડો ખવડાવવા એ તલપાપડ હતી.'સર અત્યારે તો એક ખવડાવું છું. પણ કોલેજમાં તો આખું મો ભરાઈ જાય એટલા ખવડાવીશ.ઋષાંકે પૂર્વીના મોમાં પેડો મૂકયો. ને પછી પૂર્વીએ.પ્રતિષ્ઠા ઉભીને ઉભી ચિરાવા માંડી.ચચરવા માંડી, પૂર્વીએ પ્રતિષ્ઠાને પણ પેંડો ખવડાવ્યો. પણ જાણે કે કડવો વખ.

પૂર્વી ગઈ. પણ અસંતોષનો ચરૂ ઉકાળતી ગઈ.હમણાંથી તો રોજ પૂર્વીની વાતે કંઈક ને કંઈક બખેડો થઈ જતો. કારણ કોઈ પણ હોય પગેરું પૂર્વી પાસુ નીકળતું.

'એ પ્રોફેસર છે. એટલે એમના મન છોકરા–છોકરીઓ એક સરખા.ફી માઈન્ડ હોય.છુટ થી વર્તે. પણ એનીય કંઈક હદ હોય કે નહી? એ આખીયે શોષાવા માંડી.ઉતરડાવા માંડી.એના જીવને ચેન નથી. એ એકીટશે પેલી મધુમાલતીને તાકી રહી. મધુમાલતીનાં રાતા–ગુલાબી ફુલ મઘમઘતાં હતાં.કંઈ કેટલાય રંગબેરંગી પંતગિયાં ફુલને વળગી પડયા હતાં.

એનો જીવ કોલેજ કેમ્પસમાં પહોચીં ગયો.ઋષાંકને ચાર પાંચ છોકરીઓએ પકડી રાખ્યો છે.એક છોકરીના હાથમાં પેંડાનું બોકસ છે. પૂર્વીના હાથમાં ચાર–પાંચ પેંડા છે.એ ઉછળી–ઉછળીને ઋષાંક સરના મોંમા હાથમાંના બધા પેંડા બળ કરીને ઘરબી દે છે.બીજી છોકરીઓ તાળી પાડતી કિકિયારી કરી મૂકે છે. બધીના પગ ધરતી પર નથી. એ સૌ નાચવાં –કૂદવાં માંડે છે. વાતાવરણ આખું હિલ્લોળે ચઢયું છે.

પ્રતિષ્ઠાના બેઉ હાથ અનાયાસે એના કાનને દાબવા માંડયા.પડદાં ફાટી જશે કે શું? એને હજુએ કિકિયારીઓ સંભળાતી હતી. પંતગિયા ઉડાઉડ કરતાં હતાં. એ મનોમન અકળાઈ ઉઠી. એને એ રંગબેરંગી પતંગિયા દીઠે ગમતાં ન હતાં.એણે એનાં બેઉ હાથ વડે પતંગિયાને મસળી નાખવા જેવું કયું.

દરવાજો ખોલતાં જ ઋષાંકે આ દશ્ય જોયું. એ વિચારવા માંડયો.' આ શું.? એમણે પ્રતિષ્ઠાને ટપારી, આ શું કરે છે તું? અચાનક અવાજ સાંભળી એ હકબક થઈ ગઈ.ઘડીક તો એ ગેંગેંફેંફેં કરવા માંડી. ને પંછી કંઈક બોલવા લાગી.અસ્પષ્ટ. એનું બોલેલું કાંઈ સમજાતું ન હતું. હવે નહી વેઠાય. કાં તો એ નહી કાં હું નહી, એ બબડી. પણ કોણ જાણે કેમ, એવું તો શું હતું કે પૂર્વી એને ગમતી પણ હતી.!

એ પછીની સાંજે ઋષાંક કોલેજથી ઘરે આવ્યો ત્યારે દરવાજો મોટું તાળુ હતું. બાજુના ઘરેથી જાણવા મળ્યું કે એ તો બેગ ભરીને ચાલી નીકળી છે.ઘણું સમજાવી પણ પાછી નથી વળી, ચાવી લઈ દરવાજાનું લોક ખોલી એ ઘરમાં આવ્યો. પ્રતિષ્ઠાને ફોન લગાવ્યો. પણ ફોન સ્વિચ ઓફ આવતો હતો. જયારે એને સત્ય સમજાશે ત્યારે પાછી આવશે. બીજુ શું?

એક મહિનો એમ ને એમ વીતી ગયો. બા–બાપુના આગ્રહને વશ એ તેડવા ગયો. પણ પ્રતિષ્ઠાની તો એક જ વાત હતી,એ ઘરે હવે હું પગય નહી મૂકૂં. મારે ડાયવોર્સ લેવાં છે.?

ઋષાંક ધા ખાઈ ગયો.નાની એવી વાતનું આટલુ મોટું સ્વરૂપ! ને એય છેક ડાયવોર્સ સુધી? પણ પ્રતિષ્ઠા અડગ હતી.ઘરનાં બધા ની ના છંતા આગળના દિવસે જ એણે વકીલને મળી ડાયવોર્સ પેપર તૈયાર કરાવી રાખ્યાં હતો પેપર ઋષાંકની સામે ઘરતાં એ બોલી, આમાં સહી કરો. પછી તમે ને હું બેય છુટ્ટા. પછી તમતમારે જેને.... બાકીનું વાકય એ ગળી ગઈ.

ઋષાંક ચાલી નીકળ્યો. એ છેક વરંડાના દરવાજે આવ્યો. સહેજ અડકયો. પાછળ ની તરફ ડોક ફેરવી એણે ફરી એકવાર પ્રતિષ્ઠા સામે પ્રશ્નાર્થ નજરે જોયું. હજુય કાંઈ ફેરફાર થાય છે.! કોઈ ફેરફાર જોવા મળતો ન હતો. એ ગળગળ થઈ બોલ્યો. પ્રતિષ્ઠા હજુએ કાંઈ મોડું થયું નથી. સમજીને ચાલ ઘરે, પણ ઋષાંક કાંઈ સમજે –કરે એ પહેલાં તો ટટ્ટાર થતી દરવાજો આવી. એણે ઋષાંકને પેપર અને પેન ધર્યા. પ્લીઝ,સાઈન ઈન રુક્ષ સ્વરે એ બોલી પડી.

ઋષાંક છોભીલો પડી ગયો.પ્રતિષ્ઠા તારે મન આ રમત હશે. પણ... એ આગળ બોલી ન શકયો. એની આંખ ભરાઈ આવી. એ આખોય શોષાવાં માડયોં. એણે કાગળ અને પેન હાથમાં લીધાં.ઋષાંક એ. નાણાવટી, સહી કરી પેપર પાછાં આપતાં એ બોલ્યો.પ્રતિષ્ઠા સાંભળ તારે ને આવવું હોય તો હું જરજસ્તી તો ન જ કરી શકું. પણ... હવે પછી એવો પતિ શોધજે કે તારાં લગ્ન પહેલાના....
જાણે કે અગિયાર હજાર વોલ્ટનો શોક!

પ્રતિષ્ઠા પલભરમાં બધુંયે સમજી ગઈ. એ શૂન્યમનસ્ક બની ઋષાંકને તાકી રહી. એને ચકકર આવવા જેવું થયું. બ્રહ્માંડ આખુંય જાણે કે એની આંખ આગળ ડોલવા માંડયુ. એનો આખોય ભુતકાળ એની આંખ સામે ધસી આવ્યો. એ ભૂતકાળને ખંખેરવા મથી. પણ એ તો એની જિંદગી સાથે જડાઈ ગયેલ હિસ્સો હતો. એ કાંઈ એમ છૂટે? આંખોનાં પોપચાંમાં એ ચુસ્ત બીડાવા માંડયો. એ આરપાર વીંધાવા માંડી, ને છેવટે એનું હૈયું હાથ જ ન રહયું.એ દદડી પડી. એનું ભવિષ્ય એને ધૂધળું ભાસ્યું.

એ છેક ઘેર પહોચી છે. એણે વરંડાનો દરવાજો ખોલ્યો.એની નજર સીધી બગીચા પર મંડાઈ. એ આખીયે કંપવા માંડી. બગીચો સાવ ઉઝરડાઈ ગયો છે. એ ભારે હદયે પેલા જાંબુડા હેઠળ આવી. નજર પાણીના કુંડા પર પડી. પાણી અકબંધ છે. ને ચણ જેમની તેમ પડી છે. એણે ઉચા શ્વાસે માળામાં જોયું એ સાવ ભાંગી પડી. પેલુ બચ્ચું માળામાં નથી. એ કયાંક ઉડી ગયું છે. એણે માળા અડતાં કાન મંડયા, મેડમ હું તો સરની લાગણી, ને પ્રેમના હિસાબે... પણ હવે હું એની નજર આખા બગીચામાં ફરી વળી. બચ્ચું તો શું! પણ પેલો ચકો પણ હવે ત્યાં નથી.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**





# પરોપકારી મહાત્મા મૂળદાસ

– રાજેન્દ્ર દવે

ગરવા ગિરનારના ખોળે પહોંચી મુળજીએ ભ્રમણ આદયું. તેઓએ ગિરનારની પરિક્રમા કરી. અનેક ધુણા અને અખાડાએ ફર્યા. કંઈ કેટલાય સંતોના દર્શન કર્યા. થોડો સમય ગિરનાર પર રહયા બાદ તેમને ભારતભ્રમણ કરવાની પ્રેરણા થઈ. એ સમયે આજનાં જેવા વાહનો તો હતાં નહી. માર્ગો પણ કાચા. તીર્થાટન કરવા જવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. આમ છતાં મકકમ મનોબળ ધરાવતા મુળજીએ પગમાં કશું જ પહેર્યા વિના સમગ્ર ભારતવર્ષનું ભ્રમણ આદર્યુ.

એક સ્થળેથી બીજા સ્થળે, એક પ્રદેશથી બીજા પ્રદેશ, નદી, નાળાં, ડુંગર પસાર કરતાં મુળજી ચાલ્યા જાય છે. મનમાં નિશ્વય કરેલો કે, તીર્થાટન દરમિયાન ભીક્ષા માંગવી નહીં. મજુરી કરી જે પૈસા મળે તેમાંથી પેટ ભરવું. ચાલતા ચાલતા મુળજી ગંગા કિનારે હરિદ્વાર આવી પહોંચ્યા. હરિદ્વાર ઉપરાંત મથુરા, અયોધ્યા, કાશી, ગયા, પ્રયાગ વગેરે પવિત્ર યાત્રાધામોનાં દર્શનથી મુળજી પોતે જ જ્ઞાનસ્વરૂપ બની ગયા. તેમનાં અંતરચક્ષુ ખુલી ગયા.

માનવી ગમે એટલું ઉચુ પદ, સિદ્ધિ પ્રાપ્ત કરે, પણ પોતાનાં વતનને કયારેય વિસરી ન શકે. તીર્થાટન દરમિયાન એક દિવસ મુળજીને પણ પોતાનાં વતન એવી સોરઠની ભૂમિની યાદ આવી ગઈ. સદા ચાલતા રહેતા પગ થોડીવારને માટે થંભી ગયા અને પછી સોરઠ તરફ પાછા વળ્યા. ચાલતા ચાલતાં મુળજી સૌરાષ્ટ્રનાં સાગરકાંઠે મહુવા બંદરે આવી પહોંચ્યા, સમી સાંજનાં સમયે તેઓ મહુવા પાસેનાં ઝાલોપર ગામે આવી પહોચ્યા. અહી તેમનો ભેટો દેવાણંદ વાઘ નામનાં આયર સાથે થયો. દેવાણંદ વાઘ ઠાકોરજીનો પરમ



મહાત્મા શ્રી મૂળદાસજી



ભકત, સવાર–સાંજ ઠાકોરજીની હવેલીએ જાય, આરતીનાં દર્શન કર્યા પછી જ વાળું કરવાનુ તેને નીમ, પ્રથમ મેળાપમાં જ દેવાણંદ તેજસ્વી મુળજીથી પ્રભાવિત થયા. મુળજીને તેઓ પોતાનાં ઘરે લઈ ગયા.

## ભાતીગળ સૌરાષ્ટ્ર

દેવાણંદ વાઘ પાસે ખેતીની મોટી જમીન હતી. તેઓએ મુળજીને રહેવા માટે ખેતરમાં જ એક ઝુંપડી બનાવી દીધી. મુળજી આ ઝુંપડીમાં રહેવા લાગ્યા. હરિનામની સાથે સાથે ખેતરનું રખોપું પણ કરે. આમ દિવસો વિતવા લાગ્યા. એક દિવસ મુળજીને આત્મજ્ઞાન થયું. તેઓ હાથ જોડી દેવાણંદ વાઘને તેમનાં પત્ની જશુભાઈ સામે ઉભા રહયા. પોતાને રજા આપવા વિનંતી કરી. **(ક્રમશઃ)**

# ''હમ કિસીસે કમ નહિ''– એની બેસેન્ટ

આઝાદી પહેલાની વાત છે. શ્રીમતિ એની બેસેન્ટ ભારતમાં સ્કાઉટની પ્રવૃતિ કરીને બાળકોમાં શિસ્ત, અનુશાસન તથા સ્વાવલંબન દાખલ કરવા ઈચ્છતા હતા, આથી બાળકોમાં દેશપ્રેમ તથા જોશ વહેતા થાય. તેમણે સ્કાઉટનાં સ્થાપક લોર્ડ બેડન પાવેલને આ માટે પત્ર લખ્યો અને તેનો જવાબ આવતા જ શ્રીમતિ બેસેન્ટ ધુંઆફુંઆ થઈ ગયા, '' ભારતમાં સ્કાઉટ ચલાવવા માટે પૂરતા અંગ્રેજ અફસરો નથી ! માટે સ્કાઉટ શરૂ થઈ શકે નહિ!''

તેમણે મનોમન નિશ્ચય કર્યો કે ભારતનાં બાળકો માટે સ્કાઉટની પ્રવૃત્તિઓ થશે જ ! તેમણે પોતાના સાથીઓને તૈયાર કર્યા. તારિણી પ્રસાદ સિંહા, સંજીવ કામથ તથા અન્ય સાથીદારોએ એની બેસેન્ટ પાસેથી તાલીમ તથા સમજણ મેળવીને ખભેખભા મિલાવીને કામ શરૂ કર્યુ. અને એ રીતે ભારતીય સ્કાઉટ એસોસિએશનની સ્થાપના કરવામાં આવી.

સ્કાઉટ અને કબ માટેનો ગણવેશ નક્કી થયો. સ્કાઉટનાં કિશોરોને હેટ ફાવે તેવું ન લાગતા તેઓએ તેની જગ્યાએ પાઘડી દાખલ કરી ! સ્કાઉટ બચ્ચાઓને દેશભકિતનાં ગીતો ગવરાવવાનું શરૂ કર્યુ. આમ એક જગ્યાએ શરૂ કરેલ



સ્કાઉટની પ્રવૃત્તિ દેશભરમાં આગની જેમ ફેલાઈ ગઈ.

દેશી પહેરવેશ, નિયમિત મેદાની હાજરી અને દેશભીકતનાં ગીતની શરૂઆતથી અનેક શહેરોનાં મેદાન ધમધમવા લાગ્યા. આથી કિશોરોમાં દેશદાઝ, આત્મવિશ્વાસ, સ્વાવલંબન તથા અનુશાસન કાયમી થવા લાગ્યા.

ભારતીય સ્કાઉટ એસોસિએશનની આ પ્રવૃત્તિની મહેક ઠેઠ ઈંગ્લેન્ડ પહોંચી કારણ કેતે સમયે નવી કોઈપણ ચળવળને તુરંત અંગ્રેજો સુધી પહોંચાડવામાં આવતી.

લોર્ડ પાવેલે શ્રીમતિ બેસેન્ટને પત્ર લખ્યો, ''મને જાણવા મળ્યું છે કે આપ સરસ રીતે ભારતીય ઢબે સ્કાઉટની પ્રવૃતિ ચલાવો છો. આ માટે આપની ટીમને અભિનંદન અને હું આપની પ્રવૃત્તિ નિહાળવા ભારત આવવા ઈચ્છું છું.''


પત્ર વાંચતા જ એની બેસેન્ટને આનંદ થયો. નિર્ધારિત સમયે લોર્ડ બેડન પાવેલ ભારત આવ્યા અને ભારતીય સ્કાઉટની માર્ચ પાસ્ટ જોવા મેદાન પર આવ્યા.

ભારતીય ઢબનાં પોશાકમાં શોભતા સ્કાઉટની પરેડ જોઈને લોર્ડ બેડન આનંદિત થયા. આવ્યા ત્યારે હતું કે, ભારતીય સ્કાઉટનાં કોઈ ઠેકાણા હશે નહિ ! અને માર્ચ પાસ્ટ જોવાની સાથે જ એ અંગ્રેજનાં મનમાં એની બેસેન્ટ માટે મનમાં અહોભાવ જાગી ઉઠયો. '' મેડમ, તમે સરસ રીતે બાળકોને તૈયાર કર્યા છે. મારા મનમાં તો હતું કે કાંઈ ઠેકાણા હશે નહિ. તમે ખરેખર અભિનંદનને પાત્ર છો !'' એની બેસેન્ટ મરકમરક મલકી રહ્યાં હતા. ' 'મને લાગે છે કે આ ભારતીય સ્કાઉટ ટૂકડીને બ્રિટિશ સ્કાઉટ સાથે જોડવામાં વાંધો નથી ! તમારો શું વિચાર છે ?''

એની બેસેન્ટ આ ક્ષણની રાહ જોતા હતાં. તેમણે સહર્ષ લોર્ડ બેડન પાવેલનો પ્રસ્તાવ સ્વિકારીને ભારતીય સ્કાઉટને વધુ સુંદર સ્વરૂપ મળે તે હેતુથી લોર્ડ પાવેલ સાથે જોડાવા માટે સંમતિ આપી.

લોર્ડ બેડન પાવેલે તુરંત એની બેસેન્ટને ભારતીય સ્કાઉટ પ્રવૃત્તિનાં કમિશ્નર બનાવી દીધા.


# હસવાની મનાઇ છે :જોકસ



(૧) ચિન્ટુ : ''મને લાગે છે કે મને બર્ડફ્લુ થઈ ગયો છે.''
મીન્ટુ : ''તને કેવી રીતે ખબર પડી ?''
ચિન્ટુ : ''કાલથી મને ઉડવાનું મન થાય છે.''

(૨) શિક્ષક : ''આપણા કલાસમાં સૌથી હોંશિયાર કોણ છે ?''
પીન્ટુ ઉભો થઈ બોલ્યો : ''સર મોન્ટુ, કારણ કુે તે દરરોજ ચાલુ તાસે ખાય છે. તેમ છતાં પકડાયો નથી.''

(૩) શિક્ષક : ''મોન્ટુ તારી પાસે એક લાડવો છે એમાં હું એક લાડવો ઉમેરું તો શું થાય ?''
મોન્ટુ : ''સર લાડવો મોટો થઈ જાય.''



(૪) મોન્ટુ : ''મોટર સાઈકલનાં ટાયર બે હોય.''
પીન્ટુ : ''બે નહીં છ !''
મોન્ટુ : ''ચાર મોટરના અને બે સાઈકલના''

(૫) શિક્ષક : ''સાઉથ ઈન્ડિયામાં માણસો કાળા કેમ હોય છે ?''
વિદ્યાર્થી : ''કારણ કે તેઓ ટી.વી.માં સન ટીવી, સૂર્યા ટીવી, ઉદયા ટીવી જેવી ચેનલ સનસ્ક્રિમ લગાવ્યા વિના જોવે છે.''



(૬) ચિન્ટુ : ''મારી ઘડિયાળ ખોવાઈ ગઈ.''
પીન્ટુ : ''ચાલતી હતી ?''
ચિન્ટુ : હા
પીન્ટુ : ''તો તો ચાલતી ઓફિસની બહાર જતી રહી હશે.''

(૭) પિતાજી : ''સોનુ, જો તને એક લાખ રૂપિયાની લોટરી લાગે તો તું શું કરે ?''
સોનુ : ''તો પપ્પા. તમે આપેલો એક રૂપિયો તરત જ પાછો આપી દઉ.''

(૮) ગૌરવભાઈ(રસોયાને) : ''અરે મુર્ખ આટલી મોંઘવારીમાં રોટલીમાં આટલું બધું ઘી ચોપડાતું હશે !''
રસોઈયો : ''શેઠજી માફ કરજો, ભૂલથી મારી રોટલી તમારી થાળીમાં પીરસાઈ ગઈ.''

# માત–પિતાની મીઠી છાયા





– ગિજુભાઈ ભરાડ

સંતાનોમાં એક વર્ગ એવો છે કે
જેને કોઈ પણ
ઉમરે માતા–પિતાની મીઠી
છાયા છોડવી
ગમતી નથી. કોઈને કોઈ રીતે
તેઓ પોતાનાં
વિકાસનાં અગ્રતાક્રમો પણ
પડતા મુકીનેં
માતા–પિતાને વીંટળાયેલા રહે
છે. માતા
પિતાની હયાતી,જુની પેઢીનાં
સારા ખોરાકને
કારણે લાંબા કાળની હોય તેવા
સંજોગોમાં
આવા સંતાનો ન તો વતન છોડી
શકે છે કે ન
પોતાની આગવી દુનિયાને
આકાર આપી શકે છે.
તેઓનામાં એક અસલામતીની
ભાવના
ક્રમશઃ જન્મ લે છે. જે તેમને
પોતાને માતા
પિતા પાસે સલામતી અને
સુરક્ષાનો અહેસાસ
કરાવે છે. દંપતીઓએ સંતાનોને
પોતાનાં પાલવ
પાઘડીમાં એટલા સાચવવા ન
જોઈએ કે તેમને
પાંખો અને આકાશ બન્ને મળ્યા
હોવા છતાં
સરેઆમ એક પિંજરનાં પક્ષી
જેવું જીવન તેમને
પ્રાપ્ત થાય. સંતાનોએ પણ
માત–પિતાની
મીઠી વાત્સલ્ય ધારાને ગંગાઘાટ
જેટલું માન
આપીને પોતાની જીવન યાત્રાને
પ્રકૃતિનાં અને
સમાજના ક્રમ પ્રમાણે સ્વાયત
રીતે આગળ
ઘપાવતા રહેવી જોઈએ.

**બાલમિત્રો,**

આપણું મનગમતુ, પ્રિય, સૌનું પ્યારૂં બાલ એકસપ્રેસ જયારે તમારા હાથમાં આવશે ત્યારે **બાલ એકસપ્રેસ** જેમાં છપાય છે તે **"અમરેલી એકસપ્રેસ"** ચૌદ વર્ષનું થયું, ગયા સોમવારે એનો હેપી બર્થ–ડે હતો. ગામ – પરગામમાંથી બધાએ ખુબ ખુબ અભિનંદન આપ્યા. હેપી બર્થ–ડે કહયું. આપણે પણ કહેવા જોઈએ કે નહિ ? તો આવો બધા ગોઠવાઈ જાવ. અરે, પણ તેના તંત્રી મનોજભાઈને તો બોલાવ્યા, મિલાપભાઈ તથા અન્ય મિત્રોને બોલાવો. બધા આવી ગયાં તો ચાલો શરૂ કરો.






## હેપ્પી બર્થ–ડે ''અમરેલી એક્સપ્રેસ''




**બાલમિત્રો, આ છે. "અમરેલી એકસપ્રેસનાં તંત્રી શ્રી મનોજભાઈ એમને વીશ કરો.**



# ભારતના અણુશોધ અને રાષ્ટ્રને અણુયુગ તરફ દોરી જનારા અણુસંશોધનના પિતામહ હોમી ભાભા

### અણું વિજ્ઞાનમાં ઉંડા ઉતર્યા

ભૌતકશાસ્ત્રની દ્રષ્ટિએ ૨૦મી સદીનાં શરૂઆતનાં ત્રણ દાયકા ખુબ જ મહત્વનાં હતા. ઝડપથી, નવા શોધસંશોધનો થઈ રહયા હતા. જુની વાતો અને નિયમોના સ્થાને નવા જ સંશોધનો સ્થાન લઈ રહયા હતા. ભૌતિકવિજ્ઞાન માટે સૌથી પ્રગતિશીલ સમયકાળમાં આલ્બર્ટ આઈન્સ્ટાઈને પોતાનું ઉર્જાસંબંધી સુત્ર આપ્યું. આનાથી આગળ વધીને રૂધરફોર્ડ અણુંકેન્દ્રનો સ્ફોટ કરવાની રીત શોધી કાઢી, જેના પરિણામો અણુવિજ્ઞાન, અણુશકિત અને અણુબોમ્બનો જન્મ થયો. અણુંસંશોધનના ક્ષેત્રમાં કામ કરતા પ્રા.ડિરાક, રૂધરફોર્ડ, વુલ્ફ ગેન્ગ, પોલી અને એનરિકો ફર્મી જેવા વિજ્ઞાનીઓ સાથે કામ કરવાની ભાભાને તક મળી. એટલું જ નહીં એમની પ્રેરણા અને માર્ગદર્શનથી ભાભાએ કેટલાક મૌલિક સંશોધનો પણ કરવા માંડયાં. કોસ્મિક રેઝ (બ્રહ્માંડ કિરણો) ના સ્વરૂપ વિશે પોતાનાં અનોખા સંશોધનથી વિજ્ઞાનજગતમાં ચમકયા હતા. એ સમયે તેમની ઉંમર માત્ર ૨૮ વર્ષની હતી. કોસ્મિક રેઝનાં સંશોધન તથા મેસોડન નામનો કણ શોધવાથી ડો.હોમી ભાભા જગતનાં વિજ્ઞાનીઓની પ્રથમ હરોળમાં બેસી ગયા હતા. કોસ્મિક રેઝ (બ્રહ્માંડ કિરણો) ની કાસ્કેટ થિયરી ( આવર્તપ્રપતિ) તથા પ્રકાશકણો (પ્રકાશશકિત)નું ઈલેકટ્રોન (વસ્તુમાન) માં કઈ રીતે રૂપાંતર થાય છે તે પણ ભાભાએ સમજાવ્યું. તેમની આ વિષય પરની સંશોધન




પ્રવૃતિ વર્ષો સુધી ચાલતી રહી.

### વતનને કર્યુ વ્હાલું

હોમી ભાભાની બુદ્ધિપ્રતિભાને ઈંગ્લેન્ડ અને અમેરિકા જેવા દેશોનાં સંશોધનકારોની ઈચ્છા ડો. હોમી ભાભાનાં જ્ઞાનનો ઉપયોગ તેમનાં દેશમાં અણુસંશોધન માટે થાય તેવી હતી. આ સંશોધન માટે થાય તેવી હતી. આ સંશોધનો કરવા બદલ અને પ્રકારની સગવડ અને સુવિધાઓની ઓફર હોમીભાભાને કરવામાં આવી. પરંતુ હોમી પરદેશમાં ના જ રહયા. હોમી ભાભા તો ભારતમાં પણ અંગ્રેજ વિદ્યાર્થીઓ ભણતા એવી પશ્ચિમી સ્કુલમાં ભણેલા તોય પશ્ચિમનો રંગ લાગ્યો નહી. માતાપિતાના દિક્ષીત કરવામાં આવેલા વતનવફાદારીનાં સંસ્કારો હોમી ભાભાએ પચાવી જાણ્યા હતા.

પશ્ચિમનાં દેશોમાં અભ્યાસ કરવા જતા યુવાનો અને યુવતીઓની ઝંખના ત્યાં વસી જવાની આજે પણ જોવા મળે છે. વતનમાં ભણીગણીને મોટા થયા એનું ઋણ ચુકવવાનું થાય ત્યારે સ્વાર્થ માટે પરદેશમાં રહી જવાની ઘેલછા ધરાવનારાએ હોમી ભાભા જેવી પ્રતિભામાંથી પ્રેરણા લેવી જોઈએ. હોમીએ પરદેશની ભૂમિનો જ્ઞાનવર્ધન માટે જ ઉપયોગ કર્યો. જયારે જ્ઞાનનો લાભ આપવાની વાત આવી ત્યારે વતનને યાદ કર્યુ. હોમીએ આ પગલું ભર્યુ ના હોત તો આપણે અણુવિજ્ઞાનમાં કયાંય પાછળ રહી ગયા હોત.

ડો.હોમી ભાભા ૧૯૪૦માં ભારત પાછા ફર્યા ત્યારે ભારત અણુસંશોધનમાં કયાંય જણાતું ન હતું. અણુશાસ્ત્રનાં વિષયનો હજુ તો માંડ અછડતો ઉલ્લેખ થતો હતો. આના માટે પ્રયોગશાળા કે સાધનસરંજામની તો કોઈને કલ્પનાં પણ આવતી ન હતી. હોમી ભાભાને અહીં અગવડતાનો અનુભવ થવા માંડયો. છેવટો નોબેલ પારિતોષિક વિજેતા બનેલા ભારતીય વૈજ્ઞાનિક સી.વી. રામનની ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સમાં ભૌતિકશાસ્ત્રનાં રીડર તરીકે જોડાયા. થોડા જ સમયમાં તેમને રીડરમાંથી પ્રોફેસરનાં પદ પર બઢતી આપવામાં આવી. બેંગ્લોરમાં આવેલી રામનની આ સંસ્થામાં વૈજ્ઞાનિક સાધનોનો ઘણો જ અભાવ હતો. ૧૯૪૩માં હોમી ભાભાએ સર દોરાબજી ભાભાનાં ટ્રસ્ટને પત્ર લખ્યો. પત્રમાં લખ્યું કે વિજ્ઞાન અને સંશોધનમાં કામ કરનારા માણસોની આ દેશમાં ખોટ નથી પરંતુ એક સ્થળનાં અભાવે બધા વેરવિખેર છે. ભવિષ્યમાં અણુશકિતનો યુગ શરૂ થવાનો છે. ત્યારે ભારતમાં ઘરઆંગણે અણુવૈજ્ઞાનિકો પેદા કરવા જોઈએ અને આ કામ કોઈ સંસ્થા જ કરી શકે. જેથી ભારત ઘરઆંગણે અણુંક્ષેત્રમાં લાચારીનો અનુભવ ના કરે.

# સંકલ્પ દ્વારા સંકલ્પથી પાર જવું

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૧.વિચારશકિત અને વ્યાવહારિક આદર્શ–(૧)**

મનુષ્ય જીવનક્રમમાં ખરાબમાંથી વધારે ખરાબ સ્થિતિમાં જતો જાય છે, કારણ કે પ્રાપ્ત કર્તવ્ય તે પોતાની પુરેપુરી શકિતથી બજાવતો નથી. આથી તેને જ્ઞાનપુર્વક કર્તવ્યનો સર્વોત્તમ બદલો મળતો નથી. મનુષ્ય અપુર્ણતાથી મર્યાદિત છે. તેનું મન હંમેશા અસંતોષથી ઘેરાયેલું રહે છે.

કેમ કે તેના જીવનનો પ્રવાહ યોગ્ય દિશામાં યોગ્ય ગતિથી વહેતો નથી. અહંતા મમતાને વશ થઈ તે હંમેશાસામી વ્યકિત પર દોષનો ટોપલો છોડવા તૈયાર થાય છે. દ્રશ્ય જગતનાં પદાર્થોની મધલાળથી તેને તૃપ્તિ ન થતાં તેનું મન સતત વ્યગ્ર રહયા કરે છે. છતાં મનુષ્ય પોતાની વ્યકિતગત સ્વાર્થની ભાવનાને ખડક જેવી અડગ બનાવી તેના પર પોતાનાં જીવનની ઈમારત ખડકતો જાય છે. સ્વાર્થી કામનાઓને વશ થવાને લીધે જ તેનું જીવન બીજા સાથે યોગ્ય પ્રેમમય સંબંધો જાળવી શકતું નથી. તે દરેક સંજોગોમાં પોતાની અંગત સુખસગવડનો જ વિચાર કરે છે.

સત્યની વેદી માનસિક દ્રેષ, કઠોરતા, સ્વાર્થ, અહંતા અને એકપક્ષી વલણનું બલિદાન માગે છે. માટે હે મનુષ્ય ! તારા મનને એવા સત્યને માર્ગે જવાની કેળવણી આપે કે જેથી તે પક્ષપાત ને સ્વાર્થ માટેનો રખડપાટ છોડી દઈ સત્યમાં જ સ્થિર થઈને રહે, મનુષ્યનાં દૈનિક કાર્યોમાં હંમેશા થોડેઘણે અંશે ભૂલ રહેવાની જ. આથી જ તેનું જીવન વિકૃતને બેડોળ થઈ જાય છે. મનુષ્યો પોતાનાં ખરાબને ખોટા વિચારથી જ એક બીજાને અળખામણા થઈ પડે છે. દ્રેષને ઘૃણારૂપી કૂભાવના તેઓનાં હૃદયને પીડી રહી હોય છે. મનુષ્ય એકબીજા સાથે અનેક પ્રકારનાં બંધનોથી બંધાયેલા હોય છે. જેમ કે કુળ, અહંભાવ, ભય, આશા, લોભ, વિષયલાલસા, દ્વેષ, પ્રશંસા વગેરે, આમ, અનેક પ્રકારે મનુષ્યો એકબીજા સાથે બંધાઈ શકે છે, પણ આધ્યાત્મિક પ્રેમનાં બંધનથી કોઈ બંધાતું નથી. ઉપરનાં બધા બંધનો ખોટા વિચારોનું પરિણામ છે.

સુજ્ઞ મનુષ્ય એવો સુરક્ષિત દ્વીપ બનાવે છે કે જેને કોઈ જળપ્રવાહ ડુબાડી શકે નહિ. પુષ્પની સુગંધ પવનથી વિરૂદ્ધ દિશામાં જઈ શકતી નથી. પરંતુ પ્રાજ્ઞની સુવાસ પવનથી સામી દિશામાં જઈ શકે છે. તે પોતાનાં વિચારો દ્વારા સર્વત્ર વ્યાપી શકે છે. તે દુરથી દેખાતા હિમાચ્છાદિત પર્વત જેવો છે.

હે મનુષ્ય ! જો તું તારા દીપને પાણીથી ભરીશ તો હું અંધારાને હાંકી કાઢવા સમર્થ થઈ શકીશ નહિ. તારા દીવાને શુભ ને સત્ય વિચારો રૂપી તેલથી ભર. તારા માર્ગને પ્રકાશિત કરવાને માટે તારા શુભ સંકલ્પો મશાલરૂપ બનવા જોઈએ, તારા અહંભાવ અને સ્વાર્થી અભિમાનને તૃપ્ત કરવાનો પ્રયાસ કર નહિ.

સત્યની બાબતમાં દરેક નિરાશાજનક અ ધઃ પાતમાં પડેલ છે. મનુષ્યનાં ચહેરા પર જ અશુભ સંકલ્પોની છાપ સ્પષ્ટ પડેલી દેખાય છે. છતાં આથી નિરાશ થવાને કોઈ કારણ નથી. કારણ કે પ્રકાશ વિના કદી અંધકાર થઈ જ ન શકે. મનુષ્યની દરેક જરૂરિયાત માટે હંમેશા કંઈક ભવ્ય ઉપાય તૈયાર હોય છે જ. તેઓ આવી શકયતામાં માને છે.તેમને માટે સર્વ કંઈ સંભવિત બને છે.

હે મનુષ્ય ! તુ તારી દ્રષ્ટિ યોગ્ય દિશામાં ફેંક અને સત્ય નિયમોનું અવલંબન લે. હંમેશા સત્ય શુભ વિચારોને ગતિશીલ બનાવ. તારા ધ્યેયને હંમેશા યાદ રાખ. મુખ્ય માર્ગ મુકી બાજુએ ફંટાતા માર્ગમાં મોજ માણવાનો મનનો સ્વભાવ છે.

પવિત્ર વિચાર પોતે જ વાણી સ્વરૂપ છે. જયારે જીભ શાંત હોય છે ત્યારે તે બોલે છે. તે બધાં આવરણોને છિન્નભિન્ન કરી ભવ્ય રીતે બહાર નીકળે છે. અને સંસાર પરની કોઈ પણ શકિત તેને લાંબો સમય દબાવી શકે નહિ. હે મનુષ્ય ! અસત્ય વાણિજયમાં રાચવું છોડી દે.


હજારો માર્ગે સુખને ભેટવાનાં હવાતિયાં છોડી દે. જેમ જેમ તું ઝડપથી તેની પાછળ પડીશ તેમ તેમ તે વધારે ઝડપથી તારી પાસેથી દોડી જશે. તું તારી પોતાની જાતને માટે તેમ જ બીજાને માટે કંટક સમાન બન નહિ.

તારા સંકલ્પોની પ્રવાહની દિશા બદલી નાખ. તારા વિચારોનું બરાબર નિરીક્ષણ કર. જયારે જરૂરિયાત પુરી થાય ત્યારે માત્ર કુતુહલ જ બાકી રહે છે. તમને ગમતી બધી વસ્તુઓ જેવી મળે કે તરત જ તમે નિરાંતે બેસી કૃત્રિમ રૂચિ સંબંધી વિચારો કરવા માંડો છો. આમાં જ નિયમની સીમાનું ઉલ્લંઘન થાય છે. તમારા પોતાનાં જ વિચારથી તમારી દુનિયાને તમે સર્જો છો કે નાશ કરો છો. ક્રિયા કે પ્રતિક્રિયાનો આ અચળ નિયમ છે. જે જે વિચાર તમારા હૃદયનાં અંતસ્તલમાં તમે પોષશો, તે જ તમારા બાહ્ય જીવનને ઘડશે. બહાર દ્રષ્ટિગોચર થતી પરિસ્થિતિ આકસ્મિક લાગે છે. પણ અંદરખાને વિચારનાં પ્રવાહો કામ કરતા હોય છે. આ વિશ્વમાં અને રોજનાં બનાવોમાં અકસ્માત જેવું કંઈ જ નથી. માટે જ તમારા સંકલ્પોને સુધારો.

શાંત ક્ષણોમાં જ ખરેખર કાર્ય રહેલા છે. શુદ્ધ વિચારો તમારી આખી જીવનપદ્ધતિને પલટાવી નાખે છે. તે મનુષ્યને વગર કહ્યે કહી દે છે કે, તમે આમ કરવાને બદલે બીજી કોઈ રીત કર્યુ હોત તો વધારે સારૂં હતું.

ધ્યાન સમયે તમે જે વિચારોને હૃદય પોષો છો તે વિચારો તમારી દૈનિક ફરજપાલનને સમયે સુષુપ્ત રહેવા જોઈએ નહિ. આ ભવ્ય દિવ્ય વિચારોથી દરેક ક્ષણે સજજ રહો.


પોતાનાં જ સંકલ્પ અને અનુભવ વિના કોઈપણ માણસ સત્યનું ભાન મેળવી શકે નહિ. દિવ્ય વિચારો સદીઓનાં કાર્યોને થોડા સમયમાં પતાવે છે અને અનંત કાળ સુધી પોતાની અસર મુકી જાય છે, માટે હંમેશા દિવ્ય વિચારોને જ સેવો. **(ક્રમશઃ)**




# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૨૭૧. નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો. નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વરનો શુભ સંકેત માનવો.
૨૭૨. જરૂરીયાત ઓછી કરો તો પાપ ઘટશે.
૨૭૩. યાત્રા વિધિપૂર્વક કરો તો તેનું પુણ્ય મળે છે. યાત્રા ઉપર જતાં પહેલાં આજથી હું બ્રહ્મચર્ય પાળીશ, આજથી ક્રોધ નહીં કરું, આજથી વ્યર્થ ભાષણ નહીં કરું એવી પ્રતિજ્ઞાઓ કરવી પડે છે.
૨૭૪. બ્રાહ્મણ પ્રત્યે સદ્ભાવ ન હોય તો તીર્થયાત્રા ફળતી નથી.
૨૭૫. તમારી કોઈ નિંદા કરે અને તે સહન કરશો તો તમારું પાપ તેના સાથે જશે અને તેનું પુણ્ય તમને મલશે.
૨૭૬. જે દિવસે જે તીર્થમાં જાઓ ત્યાં ઉપવાસ કરજો. બ્રાહ્મણનું અપમાન ન કરશો. અપમાન કરે તો તેની તીર્થયાત્રા સફળ થતી નથી. ઉપવાસ કરવાથી શરીરની શુદ્ધિ થાય છે. પાપ બળે છે, શરીરમાં સાત્વિક ભાવ જાગે છે.
૨૭૭. સંતો તીર્થને પાવન કરે છે.
૨૭૮. અતિ સંપત્તિ અનર્થ કરે છે.
૨૭૯. દિવસમાં બે–ચાર વાર સ્મશાનને યાદ કરશો તો બુદ્ધિમાં ફેર પડશે.
૨૮૦. યમુના કિનારે લૌકિક વાત કરવી તે પાપ છે.

# જ્ઞાનમંજરી

(૪૧) પાણી પતનું ત્રીજુ યુદ્ધ કોની કોની વચ્ચે થયું હતું ? – અહમદ શાહ અબદાલી અને મરાઠાઓ વચ્ચે
(૪૨) ભારત અને ચીનનું યુદ્ધ કઈ સાલમાં થયું હતું ? – ઈ.સ.૧૯૬૨
(૪૩) ભારત અને પાકિસ્તાનનું પ્રથમ યુદ્ધ કઈ સાલમાં થયું હતું ? – ઈ.સ.૧૯૪૮
(૪૪) ભારત અને પાકિસ્તાનનું કારગીલ યુદ્ધ કઈ સાલમાં થયું હતું ? – ઈ.સ.૧૯૯૯
(૪૫) મહાભારતનું યુદ્ધ ઈ.સ.પુર્વ કઈ સાલમાં થયું હતું ? – ઈ.સ.પુર્વે ૩૦૦૦
(૪૬) ભારતમાં આર્યાનું આગમન કયારે થયું ? – ઈ.સ.પુર્વ–૨૫૦૦
(૪૭) વિક્રમ સંવતની શરૂઆત કયારે થઈ ? – ઈ.સ.પુર્વ– ૫૬
(૪૮) ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપનાં કયા વર્ષમાં થઈ હતી ? – ઈ.સ.૧૬૦૦
(૪૯) અંગ્રેજોએ સુરતમાં પોતાનું થાણું કયાં વર્ષમાં સ્થાપ્યું હતું – ઈ.સ.૧૬૧૩
(૫૦) વાસ્કોદ – દ–ગામો એ કલિકટ બંદરે કયા વર્ષમાં આગમન કર્યુ હતું ? – ઈ.સ.૧૪૯૮
(૫૧) ગાંધીજીનો જન્મ કયારે થયો હતો ?– ઈ.સ.૧૮૬૯
(૫૨) પ્રથમ વિશ્વયુદ્ધનો સમયકાળ કેટલો છે ? – ઈ.સ.૧૯૧૪–૧૮
(૫૩) જલિયાવાલા બાગનો હત્યાકાંડ કયાં વર્ષમાં થયો હતો ?– ઈ.સ.૧૯૧૯
– ભારતના આધારસ્થંભો
(૫૪) રિઝર્વ બેન્કની શરૂઆત કયારે થઈ હતી ? – ઈ.સ.૧૯૩૫

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


## ભય અને ભ્રમ–જોડિયા ભાઈ !

ભય અને ભ્રમ એવા જોડિયા ભાઈઓ છે, જે લગભગ દરેક માનવીને સતાવે છે.

આ બન્નેથી પીડાવું ન હોય, તો બેયની રામબાણ દવા એક જ–'સત્ય'. કયારેક રાત્રિ સમયે એવું લાગે કે, ફળિયામાં ચોર જેવું જણાય છે, કશી હલચલ થાય છે. આ ભ્રમથી ભય ઉત્પન્ન થાય.. પણ સત્યનું શસ્ત્ર ઉગામો.. ફળિયાની લાઈટ કરો, તો દોરી પર સૂકાતું કપડું પવનમાં ફરફરતું નજરે પડે અને ભ્રમ ભેગો ભય પણ ગાયબ ! અગાઉનાં જમાનામાં સીમમાં રાત્રે લોકો 'આ' રીતે જ ચૂડેલ, ભૂતને જોતાં !

કેટલીકવાર સત્યની સન્મુખ થવાથી ભય અને ભ્રમ ભાગી જતાં હોય છે.

# આ બ્લેક બેરને ઓળખો છો ?



ટેડીબેર સોફ્ટ ટોય્સ જોતા રીંછનો આકાર થોડો કૃત્રિમ લાગે. પરંતુ અમેરિકન બ્લેક બેરને જોતા લાગશે કે રમકડાનાં સર્જકે તેને ધ્યાનમાં રાખીને ટેડી બેર બનાવ્યું હશે. સામાન્ય રીતે આ પ્રાણી નોર્થ અમેરિકન બ્લેક બેર તરીકે ઓળખાય છે. ઉત્તર અમેરિકાનાં ત્રણ રીંછની પ્રજાતિઓમાં આ સૌથી વધુ વિસ્તારમાં ફેલાયેલું અને સરખામણીમાં નાનું પ્રાણી છે. તેમનો દેખાવ ભલે બ્રાઉન બેર અને પોલર બેર સાથે મળતો આવે પરંતુ તેઓ તેમના નજીકનાં સંબંધી નથી. અમેરિકન અને એશિયન બ્લેક બેર એકબીજાનાં નજીકના સંબંધી હોવાનું માનવામાં આવે છે.આ રીંછનું કદ પાંચથી છ ફૂટ હોય છે. તેનું વજન ૯૦ થી ૨૭૦ કિલોગ્રામ જેટલું હોય છે. તેના આખા શરીર પર રુંવાટી આવેલી હોય છે. આ પ્રાણી આખા શરીરે કાળા રંગની રુંવાટી ધરાવે છે. તેના કારણે જ તેને બ્લેક બેર નામ આપવામાં આવ્યું હશે. પરંતુ વિવિધ જગ્યાએ આ રીંછની રુંવાટીનોરંગ જુદો હોય છે.અમેરિકન બ્લેક બેર આખા ઉત્તર અમેરિકામાં, કેનેડાથી લઈને મેકિસકો અને અમેરિકાનાં ઓછામાં ઓછા ૪૦ રાજયોમાં ફેલાયેલા છે. કેનેડામાં અમુક ઐતિહાસિક વિસ્તારોમાં આજે પણ આ પ્રાણીઓએ પોતાની વસાહતો જાળવી રાખી છે.ઉત્તર અમેરિકામાં અંદાજે ૬ લાખ બ્લેક બેર હોવાનું અનુમાન છે. અમેરિકામાં આ પ્રાણીની વસતી આશરે ત્રણ લાખ કરતા વધારે હોવાનો અંદાજ છે.બ્લેક બેર સર્વભક્ષી પ્રાણીઓ છે. તેમનો ખોરાક ઋતુ અનુસાર બદલાય છે. તેઓ સામાન્ય રીતે મોટા જંગલ વિસ્તારમાં રહે છે અને ખોરાકની શોધમાં તે જંગલ છોડીને દૂર જાય છે. કેટલીક વખત તેઓ માનવ વસાહતોથી આકર્ષાતા પણ જોવામાં આવ્યા છે, કારણ કે ત્યાં તેમને સરળતાથી ખોરાક મળી રહે છે. તેમના ખોરાકમાં છોડ, ફળ, નટ્સ, કીટકો, મધ, સાલ્મન માછલી અને મૃત પ્રાણીઓનો સમાવેશ થાય છે. બ્લેક બેર પ્રસંગોપાત હરણ અને નોળિયાના બચ્ચાંનો શિકાર કરતાં પણ જોવા મળ્યા છે.તેઓ સામાન્ય રીતે એકલા રહેવાનું પસંદ કરે છે. પરંતુ માતા બચ્ચાં સાથે જોવા મળી શકે છે. બ્લેક બેર સામાન્ય રીતે એકલું જ શિકાર કરે છે. પરંતુ જો કોઈ એક જગ્યાએ ખોરાક ઉપલબ્ધ હોય અને સમૂહમાં શિકાર કરવો પડે ત્યારે તેઓ એકબીજાનું અસ્તિત્વ સહન કરી લે છે.મોટા ભાગનાં બ્લેક બેર સ્થાનિક વાતાવરણની પરિસ્થિતિ પ્રમાણે શિયાળાનાં સમયમાં નિષ્ક્રિય થઈને એક જગ્યાએ છુપાઈ રહે છે. અમુક વિસ્તારોમાં જયાં ખોરાક સદંતર ઉપલબ્ધ રહે અને વાતાવરણ હુંફાળું હોય તેવી જગ્યાએ વસવાટ કરતાં બ્લેક બેર કયારેય નિષ્ક્રિય થતાં નથી.

# આરોગ્યકથા : મેલેરિયાનો મસીહા



તેનામાં આવડત હતી, પણ નોકરી મળતી ન હતી. ખાવાપીવાનું મળતું નહિ અને પહેરવા – ઓઢવાનુંય મળતું નહિ. જિંદગી કેવી રીતે પસાર કરવી એ એક સવાલ હતો.

વગર લેવેદેવે એને જેલમાં મોકલી દેવાયો. ગરીબોને કદાચ આમ જ જેલ થતી હશે ! જેલમાંથી તેને છુટવું ન હતું. છુટીને જાય કઈ જગાએ ? છતાં જેલવાળાએ ધકેલી દીધો.

તે આમતેમ ફરતો થઈ ગયો, પણ કેટલું ફરે ? ફરવાનીય હવે જગ્યા રહી ન હતી. તે કંઈક કામ જાણતો હતો, પણ કોઈ તેને કામે રાખતું ન હતું.

છેવટે તે થાકી ગયો, હારી ગયો. આના કરતા મોત સારૂં, એમ વિચારી મરવા ગયો.

પણ તેની અને મોતની વચમાં એક બંગલી આવી ગઈ. એ બંગલીના લોકો ભોજન કરતા હતા. ખડખડાટ હસતા હતા.

જેની પાસે ખાવાનું હોય છે ને હસી શકે છે આની પાસે ખાવાનું ન હતું, હસવાનું કેવું હોય ?

જે થવાનું હોય તે થાય, એ બંગલીમાં દાખલ થઈ ગયો. માતા–પિતા તથા બાળકો ભોજન કરતાં હતાં. હસતાં હતાં. તે સામે જઈને ઉભો રહી ગયો.

તેનો ચહેરો વિકરાળ હતો. ભૂખે મરતાનાં ચહેરા એવા જ હોય છે. તેના કપડા ફાટેલાં હતાં. તે બીક લાગે તેવો હતો.

બધાં બી ગયાં, ડરી ગયાં

ઘરનાં માલિકે બૂમ પાડી : કોણ છે તું ? શું જોઈએ છે તારે ? જવાબને બદલે તે આગળ વધી ગયો. ટેબલ ઉપર રોટી હતી. ઉપાડી લીધી.

માલિકે એવી હોહા કરી કે નોકરો દોડીને આવી ગયા. પહેરેગીરો ભેગા થયા.

પકડી લો આ પાગલને ! કેવો ડરામણો છે, જુઓ તો ! ખુની જ લાગે છે.

પકડી લેવાયો તેને. જેલભેગો કરી દેવાયો. જેલમાં કેસ શરૂ થયો.

કાજીએ પુછી જોયું : 'તેં આ લોકો પર હુમલો કરી દીધો ? સાચી વાત ?'

એ કહે : 'હા, હુમલો કરી દીધો, પણ એ હુમલો કરનાર હું ન હતો. એ તો રોટીનો હુમલો હતો. રોટી હુમલો કરે છે અને ખાનાર ડરી જાય છે, અમીર ચીસો પાડે છે.''

કાજીને થયું કે ગાંડો છે આ !

સાવ પાગલ જ લાગે છે !

ફરમાન થયું : લઈ જાઓ એને પાગલખાનામાં, મોતખાનામાં જતો હતો, પાગલખાનામાં પહોંચી ગયો.

પણ પાગાલખાનું વધારે ભયંકર હતું. મોતથી ભયાનક હતું. બીજા પાગલો આખો વખત ચીસાચીસ પાડી રહેતા, તેને બાઝી પડતા, તેને વળગી પડતા, તેના વાળા ખેંચી લેતા.

તેને થતુ કે ગાંડાઓ સોથ રહીને હુંય ગાંડો થઈ જઈશ. બચવાનો આરો ન હતો.

એક દિવસ અડધી રાતનાં તેણે જ ચીસ પાડી.

ચીસ ભયાનક હતી. મોતની ચીસા જ સમજો !

રખેવાળ દોડીને હાજર થયો. પુછી જોયું શું છે એલા ? એ કહે : મારી ઓરડીમાં સાપ છે. મને કરડી ખાશે.''

રખેવાળે તાળુ ખોલી દીધું. તે સાપને શોધતો થઈ ગયો. 'ક–ડિં–ગ !'' તેના માથા પર ઘા ઝીંકાયો. ખાવાનાં વાસણનો ઘા હતો. માથામાં વાગી ગયો. તે ઉંઘો ઢળી ગાયો.

ઓરડીનું બારણું ઉઘાડું હતું. પેલો બહાર નીકળી ગયો. દોડતો થઈ ગયો.ભાગતો થઈ ગયો. પહોંચી ગયો દરિયાકિનારે. મળી ગઈ એક હોડી.

બસ હંકારી મૂકી હોડી.

હોડી જે દિશામાં જાય તે દિશામાં દિશામાં ગયો. કિનારે થોભી ફળફળાદિ ખાઈ લેતો. પાછો હોડીમાં બેસી જતો.

પહોંચી ગયો। એક જંગલમાં, ભીનાશ ।એન ઝાડી. મચ્છરોની દુનિયા,ચોટી ગયા મચ્છરો.

સવારે તે ઉઠે શાનો ? તાવ ચઢી ગયો હતો. ઉઠવાની તાકાત ન હતી. ટાઢ અને તાવ.

તેનાથી રહેવાયું નહિ. ઝાડીમાંથી જે હાથ લાગી ગયુ તે ખોતો થઈ ગયો. એક ફળ ખાઈ જોયું. અરરર !............! કડવું કડવું ઝેર જેવું.

કડવાશ જાય જ નહિ, લાંબા સમય સુધી મોઢામાં કડવાશ રહી. પણ નવાઈ. ગજબની વાત. ન માની શકાય તેવી ઘટના.

તેનો તાવ ઉતરી ગયો.

તે દોડીને એક ફળ ભેગો કરતો થઈ ગયો. ફળ કડવા હતાંા. પણ કરામતી હતાં, તેણે હોડીમાં એક ફળ ભેગાં કરી લીધા. એ ફળનું નામ તેને ખબર ન હતું. તેણે પોતે જ તે ફળનું નામ આપી દીધું : સિંકોનાં ! એટલે કે કડવું ફળ.

હોડી હંકારતો તે જાવા પહોંચી ગયો. તેણે લોકોને કહી દીધું : આનાથી તાવ મટે છે. કડવું ફળ છે, પણ સંજીવની છે. હું કંઈક વખત બચી ગયો છું.

જાવા એટલે તાવની ભૂમિ, મલેરિયાનો દેશ, મલેરિયાથી મરતા રોગીઓને એ ફળ ખવડાવી જોયાં. તાવ દુર થઈ ગયો. મલેરિયા ભાગતો હતો.

લોકો આ ભંગાર માનવીને દેવતા માનતા થઈ ગયા. તેણે સિકોનાની ખેતી શરૂ કરી. લાવેલા ફળનાં બી વાવી દીધાં. અહીંા જાવામાં એ ફળ જોઈએ તેટલા હતા..

જાવા સિંકોનાની ધરતી બની ગયું.

જાણકારો દોડતા થઈ ગયા. વૈદો અને હકીમોની દોડ અને હોડ શરૂ થઈ. નવા એન જુના જાણકારોની પરખ આગળ વધી.

સિંકોનામાંથી કુનૈનની શોધ થઈ. માનવીને મલેરિયાનો ઉપાય જડી ગયો.

૧૯૩૯માં બીજી લડાઈ શરૂ થઈ. દુનિયા આખી એ લડાઈમાં ઝડપાઈ ગઈ.લડાઈમાં રાત પડતી અને મલેરિયાનાં જીવો તુટી પડતા. કુનૈનની ભારે જરૂર પડતી.

એકલો આપણો આ જ યુવક બધે કુનૈન મોકલતો હતો. દુનિયામાં નેવું ટકા કુસૈન આ પીડિત માનવી જ પુરી પાડતો હતો.


પછી તો કુનૈનનાં રાજા તરીકે એનું બહુમાન થયુ. એ જાતે મરતો હતો. એને જિવાડનાર કોઈ જ ન હતું. પણ કહે છે કે લડાઈની એક જ સાલમાં તેણે ચાર કરોડ લોકોને બચાવી લીધા હતા.મલેરિયાનાં પંજામાંથી એણે સૈનિકોને, નાગરિકોને બહાર ખેંચી લીધા હતા.


કૂનૈન, કુનાઈનની પછી તો અનેક શાખાઓ શરૂ થઈ, પણ એનો મુળ શોધક તો એ જ. એનું નામ ફરાંઝ વિલહેમ જંઘન.


જિંદગી ટુંકાવનારાઓ જરૂર વિચારે, કદાચ તે બીજાઓને ઉપયોગી થઈ શકે છે, કદાચ, તે આખી દુનિયાને બચાવી શકે છે, અરે, આગામી સેંકડો સાલ સુધી સહુને બચાવી શકે છે.

– **હરીશ નાયક**

# આ મારું ચિત્ર છે


પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધો.૫–કેરીયાનાગસ, પ્રા. શાળા)


પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધો.૫–કેરીયાનાગસ, પ્રા. શાળા)


પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધો.૫–કેરીયાનાગસ, પ્રા. શાળા)


પ્રિના ગૌરીબેન લાઠીયા
(ધો.૫–કેરીયાનાગસ, પ્રા. શાળા)

# મેવાસામાં ખુમાણ પરિવારનાં ફાર્મમાં પાક રક્ષણની જવાબદારી સિંહ પરિવાર નિભાવે છે






સાવરકુંડલા તાલુકાના મેવાસા ગામે કુંડલા ખુમાણ પ્રતાપભાઈનું સૂર્યોદય ફાર્મ આવેલ છે. આ ૨૦૦ વીઘાના ખેતરનો એક શેઢો જંગલ વિસ્તારમાં જ પડે છે. ત્યાંથી વન વિભાગની હદ શરૂ થઈ જાય છે. જેના કારણે પ્રતાપભાઈ ના ફાર્મમાં અવારનવાર સિંહ કે સિંહણ લગભગ પાણી પીવા માટેના ખાસ બનાવેલા પોઈન્ટ ઉપર આવતા રહેતા હોય છે. પરંતુ ગઈકાલે આખો સિંહ પરીવાર કે જેમાં સિંહ, સિંહણ અને ચાર બચ્ચા સાથે ખેતરમાં આવી ચડયાં હતા. ખુમાણ જણાવે છે કે, આટ આટલા આ સાવજ આંટા ફેરા મારતા હોવા છતાં અમારા ખેત મજૂર બિન્દાસસિંહની હાજરીમાં ખેતીનું કામકાજ કરતા હોય છે. પરંતુ હજી સુધી એકપણ બનાવ કોઈ સિંહ કે સિંહણ દ્વારા જાનહાની કે હૂમલાનો બનાવ બન્યો નથી. અમારા માટે તો આ પરિવાર લાભદાયી નીવડયા છે. સિંહ પરીવારની સતત હાજરીને કારણે દીપડા અહીં ફરકતા નથી કે નીલ ગાય કે હરણ પણ ખેતરમાં નુકશાન કરવાં આવતાં નથી. એટલે અમારા માટે તો અમારા પાકનું રક્ષણ જ સિંહ પરીવાર કરે છે. જો માણસ આ રાજવી પ્રાણીને ખલેલ ન પહોંચાડે તો તે આપણી હાજરીની નોંધ પણ લેતા નથી. તેની મસ્ત ફકીરીમાં જ મહાલતા જોવા મળે છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલા માર્કેટયાર્ડમાં

એલાન થતા ખેડૂતોનું ટોળું યાર્ડ કચેરીએ પહોંચી જઈ અને ધરણાં શરૂ કર્યા હતા. ખેડૂતો વધુ રોષિત બને અને કાયદો વ્યવસ્થા ના ખોરવાઈ માટે સાવરકુંડલા પોલીસ પણ માર્કેટયાર્ડમાં પહોંચી ગઈ હતી અને ખેડૂતોને સમજાવટના પ્રયાસો પણ કર્યા હતા. ત્યારે માર્કેટયાર્ડના જોઈન્ટ સેક્રેટરીએ વેપારીને ખેડૂત સાથે ખરાબ વર્તન કરવા બદલ નોટીસ પાઠવેલ છે. જેને લઈને વેપારીઓ દ્વારા હરરાજી બંધ રાખેલ હોવાનું જણાવ્યું હતું.

ખેડૂતો હાલ માર્કેટ યાર્ડ કચેરી બહાર ધરણાં પર બેઠા છે અને પોલીસ દ્વારા ખેડૂતોને સમજાવટ થઈ રહી છે પણ ખેડૂતોની ખેત જણસો વેપારીઓ દ્વારા ખરીદી નહીં કરવાના વેપારીઓના નિર્ણયથી ખેડૂતોની દશા કફોડી થવા પામી છે. જયારે ખેડૂતો પોતાની ખેત જણસો પરત લઈ જવાથી મુશ્કેલીઓ વધે તેવા સમીકરણો હાલ સાવરકુંડલા યાર્ડમાં સર્જાયા છે. હાલના તબક્કે જગતનો તાત જાહેર હરરાજીમાં ખેત જણસો વેચ્યા વગર પરત જશે કે જાહેર હરરાજી શરૂ થશે ? તેવી અવઢવ વચ્ચે માર્કેટયાર્ડમાં સ્થિતિ જોવા મળી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું કોટડાપીઠા ગામની સીમમાં

પરિવારની બે દીકરીઓ પોતાની રૂમે હોય. ત્યારે બપોરના આશરે એક વાગ્યાના અરસામાં તેમની મોટી દીકરીને દાંતમાં દુઃખાવો થતો હોય જેથી તે બે બહેનો વાડીના શેઢે આંકડાનુ ચીરૂ લેવા માટે ગયેલ હતા. ત્યાંથી બંને બહેનો ખેતરે પરત આવતી હતી ત્યારે રસ્તામાં કપાસમાં આરોપી ઠાકુર કહારૂ ડાવર બેઠેલ હોય તેમણે નાની બહેન ઉપર પથ્થરના ઘા કરી તેણીને ત્યાંથી ભગાડી દીધેલ હતી અને બીજી મોટી દીકરીને આરોપી તેની સાથે લઈ ગયેલ હતો. તે વાતની જાણ તરૂણીના માતા–પિતાને થતાં તેઓ દોડીને ત્યાં જતા હતા ત્યારે તેમના ખેતરે ઓરડી પાસે તેમની દીકરી બેભાન જેવી હાલતમાં પડેલ હોય, જેથી તેણીને એમ્બ્યુલન્સમાં સુવડાવી અને પ્રથમ જસદણ સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ. ત્યાં ડોકટરે પ્રાથમીક સારવાર આપી તેમની દીકરીને વધુ સારવારમાં રાજકોટ જવાનું કહેતા તેણીને બેભાન હાલતમાં એક પ્રાઈવેટ ફોરવ્હીલ વાહનમાં ગોંડલ હોસ્પીટલમાં સારવારમાં લઈ જઈ દાખલ કરેલ અને ડોકટરે જણાવેલ કે તેણીને ઝેરી દવાની અસર છે અને તેણીને તેર ચૌદ દિવસ સારવાર આપ્યા બાદ તેણી સંપુર્ણ ભાનમાં આવેલ.

જેથી તેણીને દવા પીવાના કારણ બાબતે પુછતા જણાવેલ કે, તેણી તે દિવસે આંકડાનુ ચીરૂ લેવા માટે ગયેલ હોય અને ત્યાંથી પરત વાડીએ આવતા હતા તે વખતે આપણા ખેતરના ઉપલા શેઢે આરોપી ઠાકુર કહારૂ ડાવર કપાસમાં બેઠેલ હોય અને તેમણે મારી સાથે શરીર સુખ માણવાના ઈરાદેથી તેણીની બેન ઉપર પથ્થરના ઘા કરી તેમને ડરાવી ધમકાવી મોકલી દીધેલ અને મને પકડીને બળજબરીપુર્વક કપાસમાં લઈ ગયેલ અને મારી મરજી વિરૂધ્ધમાં જબરદસ્તી મારી સાથે શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચરેલ હોય. જેથી તે રડવા લાગેલ અને તેમને કહેલ કે હું મારા માતા–પિતાને આ બધુ કહી દઈશ. જેથી આરોપી ઠાકુર કહરૂ ડાવર પાસે કોઈ પ્રવાહી ઝેરી દવાની બોટલ હોય, તેનું ઢાંકણુ ખોલી મારૂ મોઢુ પકડી મને જબરદસ્તી ઝેરી દવા મારા મોઢામાં નાખી ઝેરી દવા પીવડાવી દીધેલ. જેથી મને ઓબકા થવા લાગેલ જેથી ઠાકુર ડાવર ત્યાંથી ભાગી ગયેલ અને હું ઓબકા કરતી કરતી ચાલીને ખેતરે આવતી રહેલ હતી. બાદ મને ઝેરી દવાની અસર થતા હું બે–ભાન થઈ ગયેલ હતી. આ બનાવ અંગે ભોગ બનનાર તરૂણીના પિતાએ બાબરા પોલીસમાં ફરિયાદ નોંધાવીછે.

### નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર, **ઝરણાબેન વિરેનભાઈ સાવલીયા.** મારૂ જુનું નામ **ઝરણા રમેશભાઈ ત્રાપસીયા** માંથી, લગ્નબાદ બદલીને **ઝરણાબેન વિરેનભાઈ સાવલીયા** કરેલ છે. તો હવે પછીથી હું આ નામથી ઓળખાઈશ.

એડ્રેસ : દ્વારકેશ-૧, પ્રતાપપરા, અમરેલી-૩૬૫૬૦૧

### CHANGE OF NAME

I hereby declare **Zarnaben Virenbhai Savaliya.** My old name has been changed from **Zarna Rameshbhai Trapasiya** to **Zarnaben Virenbhai Savaliya** after marries so from now i will be known by this name.

Address : Dwarkesh-1, pratappara, Amreli - 365601

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૮૯ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૬ |
| ૩ | ધાણા | ૧૨૫૦ | ૧૩૬૫ |
| ૪ | સોયાબીન | ૮૩૨ | ૯૪૨ |
| ૫ | તલ સફેદ | ૨૪૯૫ | ૩૦૦૫ |
| ૬ | મગફળી | ૧૦૨૦ | ૧૧૯૦ |
| ૭ | જુવાર | ૯૦૦ | ૧૧૧૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૫૩ |
| ૯ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | તુવેર | ૮૬૦ | ૮૬૦ |
| ૧૧ | મકાઈ | ૩૧૦ | ૩૧૦ |
| ૧૨ | મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૧૩ | એરંડી | ૧૦૫૩ | ૧૦૫૩ |
| ૧૪ | ઘઉં ટુકડા | ૫૪૨ | ૫૮૨ |
| ૧૫ | અડદ | ૧૮૯૫ | ૧૮૯૫ |
| ૧૬ | લસણ | ૧૧૩૦ | ૨૫૫૧ |

### ૨૧ જાન્યુઆરીએ કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન થશે

## રાજકોટ નજીકનાં અમરેલી ગામે સર્વ સમાજ માટે નિર્માણ પામશે અદ્યતન કેન્સર હોસ્પિટલ

### કેન્સર હોસ્પિટલમાં કોઈપણ દાતા ભૂમિદાન કરી સેવાકાર્યમાં જોડાઈ શકશે

રાજકોટ, તા. ૧૫

શ્રી ખોડલધામ ટ્રસ્ટ– કાગવડ જયારથી સંગઠન અને સમાજસેવાનાં હેતુસહ સ્થાપિત થયું ત્યારથી સર્વ સમાજ માટે નવા નવા આયામો અને પ્રકલ્પો સાથે સમાજ વચ્ચે રહી સમાજ સેવાનું કામ કરે છે. ત્યારે ૨૧મી જાન્યુઆરી એટલે શ્રી ખોડલધામ પરિવાર માટે સેવાના માધ્યમથી એકતા અને સંગઠનનાં દર્શન કરાવવાનો ગૌરવવંતો દિવસ. શ્રી ખોડલધામ ટ્રસ્ટ– કાગવડનાં ચેરમેન નરેશભાઈ પટેલે જાહેર કરેલા ત્રણ મુખ્ય પ્રકલ્પ શિક્ષણ, આરોગ્ય અને કૃષિ.. જે અંતર્ગત આગામી તારીખ ૨૧ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ રાજકોટ નજીકનાં અમરેલી ગામ મુકામે સર્વ સમાજ માટેનું એક આરોગ્ય ધામ એટલે કે અત્યાધુનિક કેન્સર હોસ્પિટલનાં ભૂમિપૂજન સમારોહનું આયોજન કરાયું છે.

૨૧ જાન્યુઆરી ૨૦૨૪નાં રોજ અમરેલી ગામે નિર્માણ પામનાર કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન સાત દીકરીઓનાં વરદ્ હસ્તે કરવામાં આવશે. આ ભૂમિપૂજન સમારોહ શ્રી ખોડલધામ મંદિરેથી વર્ચ્યુઅલી સવારે ૭:૦૦ કલાકથી કરવામાં આવશે. જાહેર કાર્યક્રમ અને સ્ટેજ કાર્યક્રમ શ્રી ખોડલધામ મંદિર કાગવડ ખાતે સવારે ૯:૩૦ થી બપોરનાં ૧૧:૩૦ સુધી રહેશે.

આ પ્રકલ્પને સાર્થક બનાવવા માટેનો સંદેશ અને માહિતી ઘર–ઘર સુધી પહોંચે અને દાતાઓને કેન્સર હોસ્પિટલનાં ભૂમિદાન માટે સંકલ્પબદ્ધ કરવાના શુભ આશયથી શ્રી ખોડલધામ ટ્રસ્ટનાં ચેરમેન નરેશભાઈ પટેલ આગામી તારીખ ૧૭ ડિસેમ્બર ૨૦૨૩નાં રોજ દેવાધિ દેવ સોમનાથ મહાદેવનાં ચરણોમાં શીશ ઝુકાવીને પ્રવાસની શરૂઆત કરશે અને ૬ જાન્યુઆરી સુધી આ પ્રવાસ ચાલશે. આ પ્રવાસ દરમિયાન નરેશભાઈ પટેલ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાત અને મહારાષ્ટ્રનાં વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમિયાન નરેશભાઈ પટેલ સમસ્ત ગુજરાત અને ગુજરાત બહાર વસતા શ્રી ખોડલધામ પરિવારનાં તમામ ભાઈઓ–બહેનોને રૂબરૂ મળીને આ કેન્સર હોસ્પિટલનાં પ્રકલ્પ અંગે માહિતગાર કરશે અને દાતાઓને કેન્સર હોસ્પિટલમાં ભૂમિદાન કરી આ સેવાકીય કાર્યમાં જોડાવા આહ્વાન કરશે.

### અવસાન નોંધ

**અમરેલી :** જાફરાબાદ વાળા ઈન્દ્રવદન ચંપકલાલ જોશીના ધર્મપત્ની ઈન્દીરાબેન (ઉ.વ. ૭૪) તે ગં.સ્વ. રંજનબેન હસમુખભાઈ ભટ્ટના ભાભી તથા છાયાબેન કપિલભાઈ ભટ્ટના કાકી તા. ૧૦ને રવિવારના રોજ કૈલાસવાસી થયા છે. તેમની સંયુકત સાદડી તા. ૧૬ ને શનિવાર સાંજે ૪ થી ૬ સુધી જીવન મુકતેર મંદિર અમરલી ખાતે રાખેલ છે.

**અમરેલી :** ભદ્રાબેન હસમુખરાય વ્યાસ (ઉ.વ. ૭૬) તે હસમુખરાય મોહનલાલ વ્યાસનાં ધર્મપત્નિ તથા દિપકભાઈ (બીએસએનએલ) અને મનિષભાઈ (હરિ ૐ હાર્ડવેર) નાં માતા તથા ઈશિત, મીરા અને રિધ્ધિનાં દાદીનું તા. ૧૨/૧૨/૨૦૨૩નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮/૧૨/૨૦૨૩ સોમવારે "હરિૐ", હિરામોતી ચોક, નાગેશ્વર મંદિર પાસે, અમરેલી મુકામે સવારે ૯ થી સાંજનાં ૬ વાગ્યા સુધી રાખેલ છે.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૯૯ | ૧૦૯૬ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૫ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૩૦૦ |
| ૩ | ચણા | ૮૬૦ | ૧૦૦૧ |
| ૪ | જુવાર સફેદ | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૫ | ધાણા | ૮૮૦ | ૮૮૦ |
| ૬ | સોયાબીન | ૮૬૦ | ૯૦૦ |
| ૭ | તુવેર | ૧૫૨૦ | ૧૫૨૦ |
| ૮ | રાય | ૧૨૩૦ | ૧૨૩૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨ | મગફળી | ૧૦૨૫ | ૧૨૭૫ |
| ૩ | ઘઉં | ૫૧૪ | ૫૩૪ |
| ૪ | ચણા | ૧૦૬૦ | ૧૦૬૫ |
| ૫ | અડદ | ૧૬૨૫ | ૧૭૯૫ |
| ૬ | તુવેર | ૧૭૬૦ | ૧૮૯૫ |
| ૭ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૪૨૫ |
| ૮ | ધાણા | ૧૩૧૪ | ૧૪૦૦ |
| ૯ | મેથી | ૧૧૨૧ | ૧૧૨૧ |

## અમરેલી : ડો. જીવરાજ મહેતા ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટી ડો. જસાણીને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લો જેનું વતન નહોતું છંતા પણ આજથી ૬૦ વર્ષ પહેલા અમરેલી જિલ્લાના ધારી જેવા નાનકડા ગામમાં આવીને પોતાની કર્મભૂમિ બનાવીને જીવનનાં અંત સુધી પ્રજાકીય લોકસેવક રહીને પ્રજા કલ્યાણના કાર્યો કરીને લોક હૃદયમાં કાયમી તેમનું સ્થાન બનાવીને ધારી જ નહી બલ્કે સમગ્ર અમરેલી જિલ્લાના લોકોમાં એક



આદરણીય વ્યકિતનું સ્થાન નિશ્ચિત કર્યુ હતું એવા ડો. જયસુખભાઈ જસાણી સાહેબનું૯૧ વર્ષની વયે આકસ્મિક નિધન થતા જિલ્લાને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

ડોકટરના વ્યવસાય સાથે સંકળાયેલા ડો.જસાણી એક મૂલ્યનિષ્ઠ સમાજસેવી, સંપૂર્ણ ગાંધીવાદી વિચારસરણીનેવરેલા અને એક નિષ્ઠાવાન રાજકારણીની સાથે ગરીબો, પછાતોના બેલી હતા. ધારી પંથકના ગામડાઓ, ગીરના નેસડાઓમાં વસતી ગરીબ પ્રજાના તેઓ મસીહા હતા. દર્દીઓ પાસે પૈસા હોય કે ના હોય છતાં પણ કોઈ દર્દી તેમના દવાખાનેથી સારવાર લીધા વિના જતો નહી. મફત સારવાર, મફત દવા આપવી કે મફત તપાસ કરવી એ તેમના જીવનનું મહત્વનું પાસુ હતું.

રાજકીય, સામાજિક, શૈક્ષણિક તથા સહકારી સંસ્થાઓ સાથે તેઓ આજીવન જોડાયેલા રહીને સંસ્થાઓને મજબુત કરવાનું કાર્ય તેઓએ કર્યું છે. અમરેલી જિલ્લા પંચાયતમાં સતત ૧૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા કરીને એક અલગ પ્રકારની આભા ઉભી કરી હતી. જેને જિલ્લાના લોકો આજે પણ યાદ કરે છે.

અમરેલી જિલ્લાની મહત્વની સંસ્થાઓ પૈકીની વિદ્યાસભામાં તેઓ ટ્રસ્ટી અને મંત્રી તરીકે જીવનના અંત સુધી સેવા બજાવીને વિદ્યાસભાનાં વિકાસમાં મહત્વનું યોગદાન આપેલ છે. ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના આજીવન ટ્રસ્ટી રહીને સંસ્થાને મજબુત બનાવવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. જાણીતા રચનાત્મક, કર્મઠ અને મૂલ્યનિષ્ઠ આગેવાન સ્વ. રતુભાઈ અદાણી સાથે ડો.જીવરાજ મહેતાના સ્મારક માટે ટ્રસ્ટ બનાવીને ચાવંડ(લાઠી) ખાતે ટી.બી. હોસ્પીટલનું નિર્માણ કરવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું હતું. બાલભવન, સંગ્રહાલય તેમજ અમરેલીની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ જોડે તેઓ કાયમી જોડાયેલા રહ્યાં હતા.

ધારીની યોગીજી કોલેજ ની સ્થાપના અને ધારીની શૈક્ષણિક સંસ્થાઓના વિકાસમાં તેમનો મહત્વ નો ફાળા રહ્યોં હતો.

આવા એક વિરલ નિઃસ્વાર્થ સમાજસેવીની અચાનક વિદાય થતાં અમરેલી જિલ્લાના ગરીબ, પછાત અને છેવાડાના લોકોને મોટી ખોટ પડી છે. ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ સહિત જિલ્લાની તમામ સંસ્થાઓને મોટી ખોટ પડી છે. ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના પ્રમુખ ડો. મહેશભાઈ મહેતા, મેનેજીંગ ટ્રસ્ટી, મોટાભાઈ સંવટ, ટ્રસ્ટી હેમેન્દ્રભાઈ મહેતા, ટ્રસ્ટી સંજયભાઈ પટેલ, ટ્રસ્ટી ડો. દેવાંગ મહેતા સહિત તમામ ટ્રસ્ટીઓ દ્વારા તેમના કાર્યો ની નોંધ લઈ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયામોટાનાં ૩૪ ગામોમાં

આદર્શોમાંથી દેશની ભાવિ પેઢી પ્રેરણા લે તેવા ઉમદા હેતુથી બાબરાનાં ચમારડી ગામનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાએ અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં જુદા–જુદા ગામો અને સ્થળોએ આગામી પાંચ વર્ષમાં ૫ હજાર પ્રતિમાનું સ્થાપન કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે.

છેલ્લા ૧૫ મહિનામાં ૩૦૦ જેટલા ગામો અને સ્થળોએ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન પૂર્ણ થયું છે અને આગામી ૧૭ ડિસેમ્બરને રવિવારે ચમારડીનાં "રાધે ફાર્મ" ખાતેથી બપોરે ૩૪ પ્રતિમાંઓનું પ્રસ્થાન કરવામાં આવશે અને લીલીયા મોટાનાં ૩૪ ગામોમાં પ્રતિમાનું ક્રમશઃ પ્રસ્થાન કરવામાં આવશે. આ તકે રાધે ફાર્મ ખાતે રાજકીય, સામાજિક આગેવાનો પ્રતિમા પ્રસ્થાન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આગામી દિવસોમાં બગસરા, ધારી, સાવરકુંડલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, લાઠી, દામનગર તેમજ ગારિયાધાર, મહુવા, ગોંડલ, જેતપુર, ઢસા સહિત સમગ્ર રાજયમાં સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવશે અને જે કોઈ ગામનાં કે વિસ્તારનાં આગેવાન આ કાર્યમાં જોડાવવા માંગતા હોય તેઓએ ગોપાલભાઈ વસ્તરપરાનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં દારૂનાં ગુન્હામાં

આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન તથા વંડા પોલીસ સ્ટેશનના મળી કુલ ગુન્હાના આરોપી શિવરાજભાઈ ઉર્ફે મુન્નાભાઈ રામભાઈ વિછીંયા, (રહે. રબારીકા, તા. જેસર, જીલ્લો ભાવનગર) પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય તેમજ અગાઉ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના, ગુજરાત આંતકવાદ અને સંગઠીત અપરાધ નિયંત્રણ (જીસીટીઓસી) અધિનિયમ ૨૦૧૫ ની કલમ ૩(૧) ની પેટા (૧) તથા કલમ ૩(૧) ની પેટા (૨) તથા કલમ ૩(૨) તથા કલમ ૩(૩) તથા કલમ ૩(૪) તથા કલમ ૩(૫) મુજબના ગુનામાં આ આરોપીને સુપ્રીમ કોર્ટ ધ્વારા ગત તા. ૨/૯/૨૨ ના રોજ શરતી જામીન મંજુર કરેલ હોય અને તેમ છતાં પણ આરોપીએ વધુ ત્રણ ગુના આચરી પોતાની ગુનાહિત પ્રવૃત્તિ સતત ચાલુ રાખી, સુપ્રીમ કોર્ટના હુકમનો શરત ભંગ કરેલ હોય. પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય. મજકુર હિસ્ટ્રીશીટર આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ઉતરાખંડ રાજયના નૈનીતાલ મુકામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. આરોપીને કોર્ટમાં રજુ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **(૧) નૈતિકાબેન પ્રતિકભાઈ રામાણી (૨) પ્રતિકભાઈ સુરેશભાઈ રામાણી** રહે. ખંભાળીયાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

સારથી રેસીડન્સી–૪ અમરેલી

રે. સર્વે.નં. ૨૭૨ પૈકી ૧૩ — સીટી સર્વે નં. NA ૨૭૨ પૈકી ૧૩/૧૧

બીનખેતી પ્લોટ નં. ૧૧ — જેના ચો.મી. ૮૯–૬૦

રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૬૨૨૦/૨૦૨૩ — રજી. તારીખ : ૧૩/૧૨/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) મેહુલભાઈ નાથાભાઈ સાવલીયા (૨) આગમભાઈ કરશનભાઈ વોરા પાસેથી ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત દિનેશભાઈ વશરામભાઈ બાંભરોલીયાનાં કુલમુખત્યાર હિરેનભાઈ દિનેશભાઈ બાંભરોલીયા પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૫૩૫૭/૨૦૨૨ તા. ૧૦/૧૧/૨૦૨૨નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૧૦/૧૧/૨૦૨૧નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૫/૧૨/૨૦૨૩

અમરેલી

ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
**એડવોકેટ**

### ટાઇટલ કલીયર રીપોર્ટ અંગે જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલીના તાલુકા બગસરાના શહેર બગસરામાં આવેલ રહેણાંક મકાનની અઘાટ દસ્તાવેજવાળી મીલ્કત સી.સ.નં. ૩૮૦૫ પૈકી, ચો.મી. ૪૭–૬૪–૯૪ વાળી મીલ્કત રજી.દ.નં. ૫૪૯ તા. ૧૪/૧૨/૨૦૦૪ થી શ્રીમતી રેખાબેન વિનુભાઈ ચૌહાણ એ ખરીદ કરેલ જે મિલ્કત તેઓના નામે ઉતરોતર દસ્તાવેજો થયેથી આવેલ છે. જે મિલ્કતના ઉતરોતર રજી.વેચાણ દસ્તાવેજ નં. ૧૭૪/૧૯૯૦ થી ૧) શ્રી અમૃતાબેન હીરજીભાઈ તથા મંજુબેન હીરજીભાઈના સ્પેશ્યલ મુખત્યાર દરજજે તથા જાતે શ્રી હરીલાલ હીરજીભાઈ જેઠવા, ૨) કાંતાબેન હીરજીભાઈ, ૩) રમાબેન હીરજીભાઈની સંયુકત માલીકીની મીલ્કત આવેલ જે તેઓએ શ્રી બકુલકુમાર ચંપકલાલ સાદરાણીને મુખત્યાર દરજજે વેચાણ આપેલ હતી, જે સ્પેશીયલ મુખત્યારનામાની નકલ ગુમ થયેલ છે. અથવા ખોવાઈ ગયેલ છે. અથવા અવળા હાથે મુકાઈ ગયેલ છે. સદરહું સ્પેશીયલ મુખત્યારનામાની નકલ ઘણી શોધવા છતાં મળી આવેલ નથી. તેવું શ્રીમતી રેખાબેન વિનુભાઈ ચૌહાણનું નિવેદન છે.

સદરહું ઉપરોકત વર્ણન વાળી મિલ્કતને લગતા ટાઈટલ ડિડઝ માલીકી, કબજા અંગે કોઈ બેંક વ્યકિત, સંસ્થા સોસાયટી કે બીજા કોઈના કોઈપણ પ્રકારના હકક, લેણુ બોજો ગીરો, લીયન કે હકક હિત હિસ્સો લાગભાગ દરદાવો કે વારસાઈ હકક કે અન્ય કોઈપણ વાંધા તકરાર કે ચાર્જ હોય તેમજ સદરહું દસ્તાવેજોનો કોઈપણ મીસયુઝ થયેલ હોય કે સદરહું મુખત્યારનામુ રદ કરવામાં આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયાથી દિવસ–૭ (સાત)માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદ્ત વિત્યે આ મીલ્કત પરત્વે કોઈની કોઈપણ જાતના હકક હિત હિસ્સો કે વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ છે અને ત્યારબાદ કોઈપણ જાતનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની જાહેર જનતા તથા લાગતા વળગતાએ નોંધ લેવી.

સ્થળ :– બગસરા
તારીખ :–૧૬/૧૨/૨૦૨૩

**અશ્વિનભાઇ એન. સોલંકી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**

ઠે. નાનજીભાઈ ચેમ્બર, અમરાપરા, બગસરા.
તા. બગસરા, જી. અમરેલી.

### લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે

# કોંગ્રેસ દ્વારા સૌરાષ્ટ્ર કચ્છમાં જિલ્લા વાઈઝ માઈનોરેટી આગેવાનોની બેઠક યોજાશે

## વજીરખાન, ઇન્સાફઅલી અને નસીરખાન ઉપસ્થિત રહેશે





સાવરકુંડલા, તા. ૧૫

લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે સૌરાષ્ટ્ર કચ્છ ભુજમાં જિલ્લા વાઈઝ માઈનોરેટી ડિપાર્ટમેન્ટની મીટીંગોનું આયોજન કરવા માં આવેલ છે. જેમાં ગુજરાત અને રાજસ્થાન વિગેરે માઈનોરેટી ડિપાર્ટમેન્ટ ના આગેવાનોની ઉપસ્થિતિમાં મળશે.

આવનારી લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈ તૈયારી ના ભાગરૂપે અને માઈનોરેટી ડિપાર્ટમેન્ટનું સંગઠન માળખું મજબૂત અને ચેતનવંતુ બનાવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાન પઠાણ, ગુજરાત માઈનોરેટી ડિપાર્ટમેન્ટનાં પ્રભારી રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના આગેવાન ઈન્સાફઅલી અને ગુજરાત માઈનોરેટી ડિપાર્ટમેન્ટનાં વાઈસ ચેરમેન નસીરખાંન પઠાણનાં માર્ગદર્શક મુજબ સૌરાષ્ટ્ર કચ્છ ભુજનાં જિલ્લે જિલ્લે ફરી જિલ્લા વાઈઝ મીટીંગો કરવા માં આવશે જેમાં તારીખ ૧૬ મીએ કચ્છ ભુજ અને મોરબી. ૧૭મીએ રાજકોટ, જામનગર.૧૮ મીએ દ્વારકા જૂનાગઢ. ૧૯ મીએ વેરાવળ, અમરેલી. અને ૨૦ મીએ ભાવનગર અને સુરેન્દ્રનગર મીટીંગોનો ધમધમાટ શરૂ કરવા માટે પ્રવાસ શરૂ કરેલ છે.

કોંગ્રેસની માઈનોરેટી ડિપાર્ટમેન્ટનું સંગઠન માળખું ખૂબ જ લોકસભાની ચૂંટણીમાં મહત્વનું અને અસરકારક કામગીરી કરશે. જેના સૌરાષ્ટ્ર અને કચ્છનાં માઈનોરેટી ડિપાર્ટમેન્ટનાં હોદ્દેદારો અને ગુજરાત માઈનોરેટી ડિપાર્ટમેન્ટનાં વિવિધ હોદ્દેદારો ભારે કમર કસી રહ્યા છે અને વજીરખાન પઠાણ અને ગુજરાત માઈનોરેટી પ્રભારી ઈન્સાફ અલી અને નસીરખાંન પઠાણનાં મીટીંગો લઈ આવતા દિવસોમાં કામગીરી કરવાનો ચિતાર આપશે. તેમ નસીરખાંનની અખબારી યાદીમાં જણાવેલ હતી.

### ડો. વિશ્વાસ ગોસ્વામી સહિતનાં નિષ્ણાંતો દ્વારા

# તાલાળા : એનસીડી સેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સેમિનાર યોજાયો

## આરોગ્ય વિષયક માહિતી આપવામાં આવી




અમરેલી, તા.૧૫

રોજ એન.સી.ડી.સેલ સા.આ.કેન્દ્ર, તાલાળા દ્વારા તાલીમ સેન્ટર, બાગાયત ઓફીસ, તાલાળા ખાતે જુનાગ કૃષિ યુનિવર્સીટીનાં તાલીમાથી બહેનોને આરોગ્ય અંગે સેમીનારનું આયોજન કરીને આરોગ્ય વિષયક માહિતી આપી.

ડો. વિશ્વાસ ગૌસ્વામી દ્વારા બહેનોને પોષણ યુકત ખોરાક તથા કોશોરી અવસ્થા દરમ્યાન રાખવામાં આવતી કાળજી તથા ચેપીરોગ અંગે વિસ્તૃત માહિતી આપી તેમજ ઓરલ કેન્સર અંગે માહીતી આપી અને શરીર માટે જરૂરી વિટામીન, પ્રોટીન, કેલ્શીયમ મળી રહે તેવા ખોરાકનો ઉપયોગ કરી શારીરિક સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તેવી માહિતી પ્રદાન કરેલ છે. તેમજ એગ્રીકલ્ચર ના બહેનોને ખેડૂત સાથે મળીને ફિલ્ડમાં કામ કરવાનું થતુ હોય તો સર્પદંશ, વિછી કરડવું તથા ઝેરી મધમાખી ડંચ કરે ત્યારે શું શં ? કાળજી રાખવી તે અંગે ખેડૂતને જાગૃત કરવા સમજાવેલ.

એન.સી.ડી.સેલ કાઉસેલર પરેશભાઈ કાનપરા દ્વારા બિન ચેપી રોગ, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કેન્સર અંગે માહિતી આપેલ તેમજ બદલાતી જતી જીવનશૈલીને કારણે બિનઆરોગ્યપ્રદ ખોરાક અને જંકફુડથી દુર રહી નિયમીત કસરત કરવા માટે સમજાવેલ તથા આજે સતત દોડધામ ભરી જીંદગીમાં માનસીક સ્થીતી પર ઘણી જ અસર થતી હોય છે. ત્યારે માનસીક આરોગ્ય અંગે માર્ગદર્શન આપી નિયમીત યોગ અને કસરત, પ્રાણાયામ કરવા સમજાવેલ છે. તથા આભાકાર્ડ અને આરોગ્ય કાર્ડ તથા સરકારની યોજનાઓ અને પોગ્રામ અંગે માર્ગદર્શીત કરેલ છે. તેમજ તાલીમાર્થી બહેનોને આરોગ્ય અંગે મુંજવતા પ્રશ્નો અંગે માહિતી આપેલ તથા બાગાયત ઓફીસર તથા કર્મચારીઓ દ્વારા સા.આ.કેન્દ્ર તાલાળાનો આભાર પ્રગટ કરેલ.

### માવઠાની બેથી વધુ સિસ્ટમ રચાઈ શકે છે

# વાતાવરણમાં પલટાની સાથે જ ગુજરાતમાં માવઠાની સંભાવના

અમદાવાદ, તા.૧૫

હાલ શિયાળાની સિઝન ચાલી રહી છે. ધીરે ધીરે તાપમાનનો પારો ગગડી રહ્યો છે. જોકે, આ તારીખથી તો ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી પડવાનો સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ અંગે જણાવાયું છેકે, નબળા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અલ નીનોના કારણે જોઈએ તેવી ઠંડી પડતી નથી.

હવામાન વિભાગે જણાવ્યું છેકે, અલ નીનોની અસરના કારણે સમુદ્રનું પાણી પણ ગરમ રહેતું હતું. જેના કારણે બંગાળના ઉપસાગરમાં ભારે ચક્રવાત થવામાં હતા અને અરબ સાગરમાં પણ હલચલ થવામાં હતી. ગાત્રો થીજવતી ઠંડી અંગે જોઈએ તો ૨૨-૨૩ ડિસેમ્બરમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ટોચના ભાગમાં ભારે હિમવર્ષા થતા ગુજરાતના ભાગોમાં પણ ગાત્રો થીજવતી ઠંડી પડી શકે છે. ડિસેમ્બરનું અંતિમ સપ્તાહ પણ હવામાન પલટાવાળું રહે અને વાદળવાયું, માવઠા જેવું રહશે. જાન્યુઆરી માસ પણ ઠંડો રહેશે તેમ અંબાલાલ પટેલે જણાવ્યું છે. સામાન્ય રીતે અરબ સાગરમાં ડિસેમ્બરમાં ક્યારેક જ સાયકલોન બને છે. ૧૮૯૧થી ૧૯૬૦ સુધીમાં જોઈએ તો ડિસેમ્બર માસમાં અરબ સાગરમાં ત્રણ ચક્રવાત બન્યા હતા જેમાંથી એક જ મજબૂત હતું. વળી અલ નીનોના કારણે પણ ઠંડી ઓછી રહી હોય તેવું જણાય છે. ડિસેમ્બરમાં પશ્ચિમી વિક્ષેપ રહેશે.

ચરોતરમાં શિયાળુઋતુ ધીરે-ધીરે મધ્યાવસ્થા તરફ ગતિ કરી રહી હોઈ સમયાંતરે ઠંડીમાં વધારા-ઘટાડાની સ્થિતિ સર્જાતી રહે છે. જોકે ઠંડીની ઋતુ છતા સર્જાતી જુદી-જુદી સિસ્ટમોને લઈને વાતાવરણમા પલ્ટો આવીને કમોસમી વરસાદની સ્થિતિ સર્જાતી રહે છે. ત્યારે આણંદ-ખેડા જિલ્લામા ચાલુ માસમાં માવઠાની બેથી વધુ સિસ્ટમ રચાવાની શક્યતાઓ હવામાન તજજ્ઞોએ વ્યક્ત હૂરી છે. જોકે માવઠાની આગાહી ખેડૂતો માટે ચિંતનો વિષય બની છે.

વિક્ષેપની અસર હેઠળ પાકિસ્તાનમાં વાદળો આવ્યા હોય તેમ જણાય છે અને ધીરે ધીરે તા.૧૬થી ૧૮માં ઉત્તર ભારતના ભાગોમાં આવવાની શક્યતા રહેશે. આથી તા.૧૯ થી ૧૮માં ગુજરાતમાં વાદળો આવી શકે. પરંતુ પશ્ચિમી વિક્ષેપમાં ઘણી ઉંચાઈએ ભેજ હોવો જોઈએ. માત્ર નીચે ભેજ હોય તો ઠંડક વળતા ધુમ્મસ જ થાય છે. હવે ધીરે પીરે એક પછી એક હલકા ભારે પશ્ચિમી વિક્ષેપ આવશે. આ પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ તા.૧૬ થી ૧૮માં હવામાન પલટાય અને તા.૨૩મી ડિસેમ્બર સુધીમાં નાતાલ પૂર્વે માવઠું થવાની શક્યતા રહે. આ માવઠાની અસર દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાંથી પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પશ્ચિમ ભાગ અને છેક ગુજરાતના ભાગ સુધી અસર થવાની શક્યતા રહેશે.

આ વખતે અરબ સાગરનો ભેજ પણ મળે અને પશ્ચિમી વિક્ષેપની અસર તળે આ ભેજ ભળી જતા ગુજરાતના ભાગો સુધીમાં માવઠું થવાની શક્યતા રહે. ઉત્તર ભારતના ભાગોમાં કમોસમી વરસાદ ગાજવીજ અને કરાં સાથે પડવાની શક્યતા રહે. ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં પણ હવામાનમાં પલટો આવે. દક્ષિણ ચીન તરફ ચક્રવાતોના કારણે ચીનની બાજુમાં ચક્રવાતોનું નામ અલગ ગણાય છે પણ આ ચક્રવાતના અવશેષ બંગાળના ઉપસાગરમાં આવતા બંગાળના ઉપસાગરમાં હલચલ જોવા મળેલ.

# હાસ્યધર્મ ગ્રુપમાં આજે જસાણી સાહેબની પ્રાર્થનાસભાની વાત કરીએ



આજે અમો વોકિંગમાં નીકળ્યા તો સાહેબની પ્રાર્થના સભાની વાત નીકળી કેમ કે હમણાં અમારા ગૃપને સાહેબ અને સાહેબની સેવા જ દેખાય છે. તેઓની ચિર વિદાય ધારી વાસીઓ માટે તો ન કલ્પી શકાય તેવી મોટી ખોટ છે. અમારા ગૃપના ઘણા આ પ્રાર્થના સભામાં હાજર હતા.તેઓએ ગૃપમાં વાત કરી તે વાચક વર્ગ સમક્ષ મૂકું છું.સાહેબની પ્રાર્થના સભા યોગીજી મહિલા કોલેજ ધારીમાં સવારે દસથી બાર સુધી હતી.પણ વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા. જેથી નિર્ધારિત સમય કરતા પણ વધુ સમય પ્રાર્થના સભા ચાલી હતી. દરેક સમુદાયના લોકો જોડાયા હતા. નાના મોટા તેમજ સાહેબને વ્હાલી કોલેજની દીકરીઓ પણ જોડાઈ હતી. સમગ્ર સ્ટાફ કોલેજ તેમજ હાઈસ્કૂલ પણ જોડાઈ હતી. સામાજિક, રાજકીય અગ્રણીઓ પણ જોડાયા હતા. તેમજ અનેક સંતો,જૈન મુનિઓના શોક સંદેશ પણ મળ્યા હતા. અનુપમ મિશનના સંતો સાહેબો, દામાણી સાહેબ, જશભાઈ સાહેબ તેમજ પંથકના ધારાસભ્ય જે.વી કાકડીયા તેમજ બગસરાથી રશ્મિનભાઈ ડોડીયા, હસુભાઈ ધકાન તેમજ અનેક વેપારી આગેવાનો જૈન સમાંજ તેમજ સર્વ સમાજ જોડાયો હતો. પ્રાર્થના સભામાં વિધ વિધ અગ્રણીઓએ તેમજ નાના નાના માણસોએ સાહેબને શ્રદ્ધાંજલિ અર્પી હતી.જે શબ્દ પુષ્પો, શબ્દ મોતી વીણી લીધા જેવા હતા. રાજકીય, સામાજિક અને શૈક્ષણિક બાબત પર સાહેબ વિષે જે બોલ્યા પોતાના અનુભવો શેર કર્યા, આરોગ્ય ક્ષેત્રે સાહેબના પ્રસંગો. રજૂ થયા ત્યારે ખરેખર આપણે ન જાણતા હોય તેવી ઘણી સાહેબની પ્રેરણાદાયી વાતો સાંભળી આંખો ભીની થઈ ગઈ હતી. અને મોટા ભાગનાનો સુર એવો હતો કે ધારીએ જ નહી પૂરા પંથકે એક મહાન સેવાભાવી સજ્જન ડોકટરને ગુમાવ્યા આ ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે. સંગીત સુરે પણ ભાવમય ગીત રજૂ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. કોલેજના પ્રિન્સિપાલ રાજુભાઈ દવે સાહેબે કઠણ હ્રદયે આખી પ્રાર્થના સભાનું સંચાલન કર્યુ હતું. તેમણે પણ સાહેબના પ્રસંગો તેમની આરોગ્ય સેવાની, શિક્ષણ સેવાની વાતો, પ્રસંગો કહ્યા હતા. ખરેખરે ન કલ્પી શકાય તેવી ખોટ પડી છે. સમય ખૂબ જોઈએ સાહેબ પર વાત કરવામાં પણ જે માઈક સુધી નહોતા પહોંચી શકયા તે હ્રદય પણ સાહેબને લાઈક કરી રહ્યું હતુ.તેમનું હ્રદય પણ સાહેબના ધબકારે ધબકતું હતું.મારી બાજુમાં બેઠેલા એક સાહેબે કહેલું કે મારા મિસિસને તબિયત માટે જુદા જુદા ડોકટરોએ બાયોપસી વગેરે કરવા કહેલું પણ ડોકટર જસાણી સાહેબે માત્ર લસણનાં ગાંઠિયાથી દર્દને છુંમંતર કરી દીધું. બાજુમાં રામપરાના શેખ બેઠા હતા. એમણે તો એમ કહ્યું હું તો કેટલાય દર્દીઓને પીડાતા લઈને આવતો સાહેબની દવાથી હસતા થઈ જતાં. આવા તો અનેક પ્રસંગો પ્રાર્થના સભામાં સાંભળવા મળ્યા. ત્યારે એટલું જરૂર કહેવાય કે ધારીએ અને પૂરા જિલ્લાએ એક અદના સેવાભાવી મહામાનવ ગુમાવ્યો. અમારા ગૃપના એક સાહેબે કહ્યું ગીતાજીમાં કહ્યુંછે તેમ આત્મા અમર છે. આત્મા મૃત્યુ પામતો નથી. એમ ડો. જસાણી સાહેબ અમર છે.તેમની સેવા થકી લોકો તેમને કયારેય નહી ભૂલે. સાહેબના પુત્ર અતુલભાઈ જસાણીએ ઋણ સ્વીકાર કર્યો હતો. ઈશ્વર પરિવારને અને સમાજને આ દુઃખદ હાદસો સહન કરવાની શકિત આપે એ જ પ્રાર્થના.

**ડો.મયૂર દવે.**
**પ્રિન્સિપાલ સરસિયા હાઈસ્કૂલ, ધારી.**

# સાવરકુંડલા જેવા નાના સેન્ટરમાંથી IPO પ્રીમિયમ એપ્લિકેશન સમગ્ર ગુજરાતમાં ધૂમ મચાવી રહી છે




સાવરકુંડલા, તા. ૧૫

Google play storeમાં પાંચમાંથી ૪.૫ ના જબરદસ્ત રેટિંગ સાથે શેર બજારમાં આ એપ્લિકેશન ખૂબ ચાલી રહી છે.

૧.૬ લાખથી વધુ લોકો એપ્લિકેશન વાપરી રહ્યા છે અને આઈપીઓમાંથી નફો પણ કમાઈ રહ્યા છે. આ એપ્લિકેશનનો ફોટો એલોટમેન્ટ ચેકર જબરદસ્ત લોકપ્રિય થયું છે જયાં તમને પાનકાર્ડ લખ્યા વગર પ્લોટમેન્ટ ચેક કરી શકો છો. જયારે karvy.linkintime,bigshare વગેરે બીજી એપ્લિકેશનમાં પણ જવું પડતું નથી. જેના લીધે શેર બજારના રોકાણકારોમાં પણ એપ્લિકેશન વાયરલ થઈ ગઈ છે. અને તમને એલોટમેન્ટ મળેલ છે કે નહીં તે નોટિફિકેશન દ્વારા જ જાણ થઈ જાય છે આઈપીઓ કેલેન્ડર ત્યાં જોઈ શકાય છે. આઈપીઓનું લાઈવ સબસ્ક્રાઈબ ચેક કરી શકાય છે. એપ્લિકેશન નાના સેન્ટરમાં મોટું કામ કરી રહી છે અને વધુ લોકોને નફો પણ આપી રહી છે.

# રાજુલાના કુંભનાથ દાદાના મંદિરે પાણીનો પ્રશ્ન હલ



રાજુલા, તા.૧૫, રાજુલામાં શ્રદ્ધા અને ભક્તિ સાથે આસ્થા ધરાવતું એક માત્ર સ્થળ એટલે રાજુલા શહેરનું કુંભનાથ મહાદેવનું મંદિર જયાં શ્રાવણ માસ દરમિયાન શ્રદ્ધાળુ ભક્ત ઉમટી પડે છે ત્યારે આવી આ જગ્યા પર પાણીનો ખૂબ જ જટિલ પ્રશ્ન હતો જે રાજુલાના આ ધારાસભ્ય હીરાલાલ સોલંકીને ધ્યાને આવતા અને તેમની ટીમને આ ધ્યાને આવતા તેમને ધારાસભ્યને આ બાબતે વાત કરતા રાજુલાના ધારાસભ્ય દ્વારા આ પ્રશ્ન આજરોજ હલ કરવામાં આવ્યો આં કુંભનાથ દાદાના મંદિરે આજરોજ પાણીની મોટર નાખિ આ પ્રશ્ન હલ કરવામાં આવ્યો આ પ્રશ્નમાં ધારાસભ્ય હિરાભાઈ સોલંકિ રવુભાઈ ખુમાણ રાજુભાઈ ઝાખરા અક્ષયભાઈ ધાખડા સહિતના યુવાનોએ આ પ્રશ્ન હલ કરવામાં જહેમત ઉઠાવેલ અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે રાજુલા જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી નવરાત્રી હોય કે રામનવમી હોય કે પછી ગણપતિ ઉત્સવ હોય કોઈપણ ધાર્મિક કાર્યમાં સદા અગ્રેસર રાજુલાના ધારાસભ્ય હીરાલાલ સોલંકી રહ્યા છે ત્યારે આ મંદિરમાં આ પ્રશ્ન હલ થતા ભાવિક ભક્તોમાં ખુશીની લહેર જોવા મળી.

# અમરેલીમાં કવિ મુકેશ દવેનાં કાવ્યસંગ્રહ ''એક જણ જીવી ગયો''નું વિમોચન અને કવિ સંમેલન યોજાયુ



અમરેલી, તા. ૧૫

અમરેલીમાં ૯ મી ડિસેમ્બરે કવિ મુકેશ દવેના કાવ્યસંગ્રહ 'એક જણ જીવી ગયો' નો વિમોચન સમારોહ અને કવિ સંમેલનનો કાર્યક્રમ યોજાઈ ગયો. શહેરમાં અનેકવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થા' રમેશ પારેખ સાહિત્ય વર્તુળ' દ્વારા કવિના શબ્દની વંદના કરવાનો આ અનેરો ઉત્સવ કવિ મનોહર ત્રિવેદીની અધ્યક્ષતામાં, દોસ્તભાઈ બ્લોચના આશીર્વચનથી અને કવિ અરવિંદ ભટ્ટ તથા કવિ સંજુ વાળાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં કવિ મુકેશ દવેના કાવ્યસંગ્રહ વિશે કવિ સ્નેહી પરમાર અને ડો. વર્ષા પ્રજાપતિએ અભ્યાસ પૂર્ણ વકતવ્યો દ્વારા સૌને રસતરબોળ કર્યા. કવિ સંજુ વાળા અને કવિ અરવિંદ ભટ્ટે પ્રાસંગિક ઉદ્બોધનમાં ખૂબ સરસ વાત કરી. દોસ્તભાઈ બ્લોચે કવિ મુકેશ દવે અને કાવ્યસંગ્રહને આશીર્વચન પાઠવ્યા. ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા 'એક જણ જીવી ગયો' કાવ્યસંગ્રહનું ઉષ્માસભર વિમોચન કરવામાં આવ્યું. પ્રતિભાવમાં કવિ મુકેશ દવેએ પોતાના સર્જન અને જીવન વિષયક કેફિયત રજૂ કરીને ઉપસ્થિત સૌનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. કવિ મનોહર ત્રિવેદીએ અધ્યક્ષીય પ્રવચનમાં મુકેશ દવે સાથેના પ્રસંગો યાદ કરી કાવ્યસંગ્રહ માટે પોતાનો રાજીપો વ્યકત કર્યો. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ અને કવિ હરજીવન દાફડાએ સૌનું સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી તથા મહામંત્રી અને કવિ રોહિત જીવાણીએ સૌનો આભાર માન્યો હતો. વિમોચન ઉત્સવના આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે. ડો. કેતન કાનપરિયા દ્વારા ખૂબ સુંદર અને ભાવવાહી શૈલીમાં કરવામાં આવ્યું. આ રૂડાં અવસરના બીજા દોરમાં યોજાયેલા કવિ સંમેલનમાં ગુજરાતી ભાષાના ગણમાન્ય કવિઓ સર્વ મનોહર ત્રિવેદી, અરવિંદ ભટ્ટ, સંજુ વાળા, પ્રણવ પંડયા, વર્ષા પ્રજાપતિ, હરેશ વડાવિયા, મુકેશ જોગી, પંકજ ચૌહાણ, ગોપાલ ધકાણ અને મુકેશ દવેએ પોતાની કાવ્યપ્રસ્તુતિ દ્વારા શ્રોતાઓની ભરપૂર વાહવાહી મેળવી હતી અને સૌને કવિતારસમાં તરબોળ કર્યા હતા. કવિ સંમેલનનું પોતાની આગવી અદાથી સંચાલન કવિ હિમલ પંડયાએ કર્યું હતું.

'એક જણ જીવી ગયો' ના પ્રાગટય મહોત્સવના આ શાનદાર કાર્યક્રમમાં છેલભાઈ વ્યાસ, આર.પી. જોષી, વસંત જોષી, લાલજી કાનપરિયા, ઉમેશ જોષી, ઉદય દેસાઈ, જીતુભાઈ વાઢેળ, ઉદય મારૂ, અશોક ખાચર, કલાઉડ ઓફ પોએટ્રીના જયુ જેઠવા, પરેશ મહેતા, અતુલ બગડા, નવીન જોષી સહિત વિશાળ સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# હામાપુર ખાતે જિલ્લાકક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન યોજાયું




અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાના હામાપુર સ્થિત શ્રીમતી એલ.કે.બાબરિયા હાઈસ્કૂલ ખાતે જિલ્લાકક્ષાનું વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. જિલ્લા કલેકટર અજય દહિયાએ વિજ્ઞાન પ્રદર્શન નિહાળીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતુ. આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં માપ્રયમિક વિભાગની કુલ ૫૦ જેટલી અને પ્રાથમિક વિભાગની ૫૫ કૃત્તિ રજૂ કરવામાં આવી હતી. જેમાં ૨૧૦ બાળ વૈજ્ઞાનિકો અને ૧૦૫ માર્ગદર્શકોએ ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન સ્વઢપે શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. જિલ્લાકક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લા અને તાલુકા પંચાયત સભ્યો સહિત સૌ ઉપસ્થિત રહ્યા હતા. તેમ હામાપુર શ્રીમતી એલ.કે.બાબરિયા હાઈસ્કૂલના આચાર્ય વિપુલભાઈ ભટ્ટની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બગસરા ખાતે આગામી શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ

બગસરા, તા. ૧૫

જેસિઝગૃપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૨–૧૨–૨૦૨૩ને શુક્રવારના રોજ સ્વ. વત્સલભાઈ કૃષ્ણકાંતભાઈ દિક્ષીતનાં સ્મરણાર્થે કૃષ્ણકાંતભાઈ મુળશંકરભાઈ દીક્ષિત પરિવારના સૌજન્યથી ૫૮૬ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતાના સહયોગથી કરવામા આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૨૨–૧૨–૨૩ ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

# ઉના તાલુકા પંચાયત સેવા સદન શહેરની નજીક બનાવવા માંગ



ઉના, તા.૧૫

ઉના તાલુકા પંચાયત સેવા સદન શહેરની મધ્યયમાં ટાવર ચોક વિસ્તારમાં હતી. આ બિલ્ડીંગ અતિ જર્જરીત થતા આ બિલ્ડીંગ શહેરનાં બાયપાસ પાસો લામધારના પાટીયા પાસે સમાજ કલ્યાણ વિભાગની છાત્રાલયમાં સ્થળાંતર કરવામાં આવેલ છે. તાલુકા પંચાયત સેવા સદનનું નવું બિલ્ડીંગ શહેરથી ખુબ જ દુર બનાવવાનું આયોજન થઈ રહયું છે. ત્યારે અરજદારોને ખુબ જ મુશ્કેલીઓ પડી શકે તેમ છે. ગ્રામ્ય વિસ્તારનાં આવકનાં જાતીનાં દાખલા માટે તાલુકા પંચાયતમાં જવું પડે ત્યાર બાદ આ દાખલા માટે ફોટો પડવવા મામલતદાર ઓફીસમાં જવું પડે. અને ફરી તાલુકા પંચાયતા જવું પડે ત્યારે અરજદારને આ તાલુકા પંચાયત દુર જવાનાં કારણે ખુબ મુશ્કેલીઓ પડશે. યોગ્ય વાહનવ્યવહારના અભાવે લોકોને ના છુટકે ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડશે. જેના કારણે આર્થીક નુકશાની થશે. તાલુકા સેવા સદનનું નવું બિલ્ડીંગ બનાવવાનું આયોજન છે તે તાલુકાની એક સાઈડનાં સનખડા, ગાંગડા, ભાચા, સૈયદરાજપરા, નવાબંદર, ખાપટ જેવા ગામડાઓને ખુબ જ દુર પડશે. જેના કારણે અરજદારોને ખુબ મુશ્કેલીઓ પડશે. તો આપનાં દ્વારા આ લોકોનાં વિશાળ હીતમાં તાલુકા સોવા સદન શહેરની મધ્યમમાં ામુળ જગ્યાએ અથવા શહેરની નજીક બનાવવામાં આવે તેવી માંગ ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ, મુખ્યમંત્રી ગુજરાત રાજય, ગાંધીનગર, બચુભાઈ ખાબડા મંત્રી પંચાયત, જિલ્લા વિકાસ અધિકારી, કલેકટરને પ્રાંત અધિકારી મારફત આવેદન પત્ર આપી અખિલ ભારતીય કોળી સમાજના મહામંત્રી રસિક ચાવડા, મોટા ડેસરના સરપંચ પ્રતિનિધિ ભરત શિંગડ, કોળી સમાજનાં પાંચાભાઈ દમણિયા વગેરેએ કરી છે.

## આવતીકાલે ચમારડીનાં ''રાધેફાર્મ'' ખાતેથી ગોપાલભાઈ વસ્તરપરા પ્રતિમાનું પ્રસ્થાન કરાવશે

# લીલીયામોટાનાં 34 ગામોમાં સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન થશે

અમરેલી જિલ્લા સહિત રાજ્યભરમાં ૫ હજાર કરતાં વધુ ગામો અને સ્થળોએ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવાનું લક્ષ્ય

છેલ્લા ૧૫ મહિનામાં ૩૦૦થી વધુ સ્થળોએ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું

આગામી પાંચ વર્ષમાં સરદાર પટેલની ૫ હજાર પ્રતિમાનું સ્થાપન કરી દેવાની તૈયારી

દેશનાં પનોતા પુત્ર અને એકતાનાં પ્રતિક અને ગૌરવવંતા સરદાર પટેલનાં વિચારોને ફેલાવવાનું શ્રેષ્ઠ કાર્ય



અમરેલી, તા. ૧૫
દેશની એકતાનાં પ્રતિક દેશનાં સૌપ્રથમ નાયબ વડાપ્રધાન ૫૬૨ રજવાડાઓને એક કરવામાં જેમનો સિંહફાળો છે તેવા ગુજરાતનાં પનોતા પુત્ર સરદાર પટેલ વિચારો,

અનુસંધાન પાના ૬ ઉપર

### લીલીયાનાં 34 ગામોમાં સરદાર પટેલની પ્રતિમા સ્થપાશે

શેઢાવદર, એકલેરા, ગુંદરણ, ઢાંગલા, હરિપર, હાથીગઢ, સાંજણટીંબા, જાત્રોડા, અંટાળીયા, બોડીયા, ભેંસાણ, ખારા, પાંચ તલાવડા, કલ્યાણપુર, કુતાણા, ભોરીંગડા, ટીબંડી, વાઘણીયા, પીપળવા, ક્રાંકચ, બવાડા, ઈંગોરાળા, નાના રાજકોટ, નાના લીલીયા, લોકી–લોકા, આંબા–દાડમા, મોટા કણકોટ, સલડી, ગોઢાવદર.

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# અમરેલી જિલ્લાનાં દારૂનાં ગુન્હામાં ફરાર આરોપીની નૈનિતાલ ખાતેથી અટકાયત

### આરોપી શિવરાજભાઈ વિછીંયા વિરૂઘ્ધ કાર્યવાહી શરૂ



અમરેલી, તા. ૧૫
અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા

અનુસંધાન પાના ૬ ઉપર


અમરેલી એક્સપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે

અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી–૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Jaya Art & Culture
ગર્લ્સ સ્કૂલના મેદાનમાં ,નાગનાથ મંદિર પાસે , અમરેલી
ધૂમ ગીર્દી વચ્ચે શરૂ છે...
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઇન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
: દર રવિવારે બે શો :
સાંજે ૬ અને રાત્રે ૯:૩૦ કલાકે
ટીકીટના દર : વી.આઇ.પી. રૂા. ૧૫૦
ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦ - સેકન્ડ કલાસ - રૂા. ૭૦
જાદુગર તેજા
જાદુગર વૈતાલ
: સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય :
સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજિક સંસ્થાના શો માટે સંપર્ક કરો.
મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઇવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.

ફિઝિશિયન વિભાગ
• હૃદયના એટેકની સારવાર.
• બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર.
24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
Dr. Jagruti Chandpa
(M.D. Physician)
ઉપલબ્ધ સુવિધા
અતિ આધુનિક સુવિધાયુક્ત આઈ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા | એક્સ-રે તથા ઇ.સી.જી. મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x 7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦

ફુલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સ્ટાઈલ કમાલ...ઓફર્સ બેમીસાલ
NATRAJ Gharelu Aatachakki
10,00,000+ SATISFIED CUSTOMERS
INDIA'S NO.1
સરળ માસીક હપ્તે વસાવો
લાઈવ ડેમો જોવા માટે રૂબરૂ પધારો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ,અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭


શ્રદ્ધાંજલી સભા

સ્વ. ડૉ. જયસુખલાલ ભગવાનજીભાઈ જસાણી
(ડૉ. જસાણી સાહેબને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી)

અમરેલી જીલ્લાના લોકલાડીલા આગેવાન, જૈન સમાજના વરીષ્ઠ શ્રેષ્ઠી શ્રાવક, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી, ધારી તાલુકા કેળવણી મંડળ ના પ્રમુખશ્રી, રાજ્ય અને જિલ્લાના અનેક સેવાભાવી ટ્રસ્ટો ના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ગરીબોના બેલી, શિક્ષણ તથા આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓના શિલ્પી
પૂ. ડૉ. જસાણી સાહેબને ધારી ગામ સમસ્ત
''શ્રદ્ધા સુમન''
અર્પણ કરવા ''શ્રદ્ધાંજલી સભા'' નું આયોજન કરવામાં આવેલ છે.

તારીખ : ૧૭–૧૨–૨૦૨૩ રવિવાર
સમય : સાંજે ૪ : ૦૦ કલાક થી
સ્થળ : જૈન મહાજન વાડી, લાઈબ્રેરી પાસે, ધારી.
દરેકને ઉપસ્થિત રહેવા જાહેર અનુરોધ છે.

લી.
સમસ્ત ધારી ગામ, વિવિધ ટ્રસ્ટો અને સંસ્થાઓ


હાર્દિક અભિનંદન

શ્રી મલ્લિકાર્જુન ખડગે
પ્રમુખ
ઓઈ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ

શ્રી પ્રતાપ દુધાત
પ્રમુખ
અમરેલી જિલ્લા કોંગ્રેસસમિતિ

શ્રી રાહુલ ગાંધી
પૂર્વ પ્રમુખ
ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ

અખિલ ભારતીય કોંગ્રેસના પ્રમુખ શ્રી મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ પ્રમુખ અને સાંસદ શ્રી રાહુલ ગાંધીની સુચનાથી રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી શ્રી કે.સી. વેણુગોપાલ દ્વારા અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ તરીકે યુવા, ઉત્સાહી અને પૂર્વ ધારાસભ્ય ''શ્રી પ્રતાપ દુધાત''ને જવાબદારી સોંપવામાં આવતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને તેઓ અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષને સફળતાના શિખરો સર કરાવવામાં સફળ રહે તેવી શુભકામનાઓ...

: શુભેચ્છક :
શ્રી રાજેશભાઈ ઉમરભાઈ ચૌહાણ
શ્રી બાઘાભાઈ અમરાભાઈ ઝાપડા
શ્રી ભાવેશભાઈ આર. બગડા
શ્રી અશોકભાઈ કાચા
શ્રી કુલદીપભાઈ દીલુભાઈ જેબલિયા
શ્રી પરિક્ષીતભાઈ એન. શિયાળ
શ્રી હિતેશભાઈ એમ. જયાણી


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)